Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

હંસવાહિની



સરસ્વતી દેવી

પુસ્તક ૫૩ મું :: અંક ૫ મો

સંવત ૧૯૯૩ :: શ્રાવણ :: વીર સંવત ૨૪૬૩

પ્રકટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

વાર્ષિક લવાજમ ૧–૮–૦ ભેટની બુક સહિત પોસ્ટેજ ચાર આના.

પુસ્તક ૫૩ મું. | અંક ૫ મો. | **શ્રાવણ** | વીર સં. ૨૪૬૩ | વિક્રમ સં. ૧૯૯૩

## अनुक्रमणिका


૧ શ્રી પાર્શ્વનાથ સ્તુતિ–પદ્ય ... ... (ચીમનલાલ છવરાજ કોઠારી) ૧૪૭
૨ સામાન્ય જિન સ્તુતિ–પદ્ય ... ... (મુનિરાજશ્રી કલ્યાણવિમળજી) ૧૪૮
૩ કુદરતની કૃતિ–પદ્ય ... ... ... (અમીચંદ કરશનજી શેઠ) ૧૪૮
૪ એવો કાં આક્ષેપ ?–પદ્ય ... ... (કર્પૂરચંદ કાકરશી શાહ) ૧૪૯
૫ નવકારમંત્રનું સ્થાન અને માહાત્મ્ય ... ... (સ. ક. વિ.) ૧૫૦
૬ આત્મા સંબંધી વિચાર અને ભિક્ષુના આચાર ... (સ. ક. વિ.) ૧૫૨
૭ આત્મતત્ત્વ ... ... ... ... ... (મુમુક્ષુ મુનિ) ૧૫૪
૮ જયઘોષ કરજો જગ વિષે–પદ્ય... ... (મોહનલાલ હરિચંદ શાહ) ૧૫૯
૯ પ્રશ્નોત્તર ... ... ... (પ્રશ્નકાર મુનિ પ્રેમવિમળ—સાકંબા) ૧૬૦
૧૦ દુર્જન પ્રશસ્તિ–પદ્ય ... ... (ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) ૧૬૩
૧૧ વ્યવહાર કૌશલ્ય નાના લેખ ૩ [૯૯–૧૦૦–૧૦૧] ... (મૌક્તિક) ૧૬૫
૧૨ સુભાષિતરત્નમંજૂષા ... ... ... ... ... (કુંવરજી) ૧૬૮
૧૩ સુભાષિતરત્નમાળા ... ... ... (રાજપાળ મગનલાલ વ્હોરા) ૧૬૯
૧૪ જિનદર્શન મહિમા ફળ–પદ્ય ... ... ...(ઝવેરચંદ છગનલાલ) ૧૭૧
૧૫ પ્રભાવિક પુરુષો–અંતિમ રાજર્ષિ ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૭૨
૧૬ શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન–પદ્ય.. ... ...(સંગ્રાહક સ. ક. વિ.) ૧૭૬
૧૭ સ્ત્રી સમાજ યાને સ્ત્રી કેળવણી.. ... ... (સોમચંદ ડી. શાહ) ૧૭૭


બહાર પડી ગયેલ છે.

### શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર—સાર્થ

શબ્દાર્થ, અન્વયાર્થ તથા ભાવાર્થ સાથે સુંદર આકારમાં બહાર પડેલ છે. વિસ્તારથી વિવેચન આપીને વિદ્યાર્થીઓ સુગમ રીતે સમજી શકે તેવી શૈલી રાખવામાં આવી છે. શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીએ માટે ખાસ ઉપયોગી છે.

**તૈયાર કરનાર માસ્તર પોપટલાલ સાકરચંદ**

એક નકલ કિંમત ... ... રૂા. ૧–૪–૦
દસ નકલ કે વધારે લેનાર માટે રૂા. ૧–૨–૦
પોસ્ટેજ અલગ.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ

| | | |
|---|---|---|
| પુસ્તક ૫૩ મું | શ્રાવણ | અંક ૫ મો |
| વિ. સં. ૧૯૯૩ | | વીર સં. ૨૪૬૩ |

श्री पार्श्वनाथ स्तुति

## " ચીલો ચૂક્યું ગાડું રે "

અવળે પંથે ચાલ્યું રે, ચીલો ચૂક્યું ગાડું રે;
એ ગાડું......ગાડું......ગાડું......અવળે. ૧

ભાર ભર્યો એનામાં ભારે, રગશીયું કયમ રેતે હાલે?
થાક્યું મ્હેં આ ડચકારે, ડચકારે......ડચકારે......અવળે. ૨

બળબળતા બપોરના રશ્મિ, ધરામહીંથી ઝાળ ઉભરતી;
એ તો અહિયાં અનુભવવી, અનુભવવી...અનુભવવી...અવળે. ૩

રાત્રે ગાઢ તિમિર શીતળતા, વ્યાપી વગડે ઘોર ભીષણતા;
વાટપાડુ અહિં વસતા રે, વસતા......વસતા......અવળે. ૪

ગુંચવણોમાં ગોથાં ખાતાં, ઉજ્જડ માર્ગે એકલવાયો;
મ્હેં તો પાલવ ઝાલ્યો ત્હારો રે, ત્હારો......ત્હારો...અવળે. ૫

માતા પિતા તું નાથ અમારો, એક આશરો પ્રભુજી ત્હારો;
મ્હે તો અખંડ તંતુ તાણ્યો રે, તાણ્યો......તાણ્યો...અવળે. ૬

અમર ઘાટડી ચૂડો અખંડિત, મ્હોં માગ્યાં ને મનનાં વાંછિત;
વાયાં મંગળ વ્હાણાં રંજીત, રંજીત......રંજીત...અવળે. ૭

ચમનલાલ જીવરાજ કોઠારી—પાલણપુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सामान्य जिन स्तुति

## સાખી

જાતે થે પ્રભુ મિલનકું, બિચમેં ઘેર્યો આન;
એક કંચન દુજી કામિની, કૈસે હોત કલ્યાણ?

( રાગ ધન્યાશ્રી. )

કાયકું જોડત માયા સમજ મન, કાયકું જોડત માયા?
એક દિન ચેતન ઊઠકે ચલસી, પડી રહેગી તેરી કાયા. સ૦ ૧

ધન કણ કંચન વાડી હવેલી, લાખ કરોડ કમાયા;
કયા લે આયા કયા લે જાયગા? સોઇ બાત નહિ પાયા. સ૦ ૨

કહાંસે આયાં? કહાં જાવેગા? નાહક ભરમ ભૂલાયા;
કલ્યાણવિમળ પ્રભુ ઋષભ સ્મરણથી, ઋદ્ધિ અનંતી પાયા. સ૦ ૩

સંયોજક:—**મુનિ મહારાજશ્રી કલ્યાણવિમળજી**

# कुदरतनी कृति

( ભુજંગી છંદ. )

કભુ ગેહવાસી કભુ વનવાસી, કભુ પૂર્ણઆશી કભુ હૈ નિરાશી;
સબે કર્મ સંજોગસેં સત્ય હૈ ના, રખે જ્યું પ્રભુ ત્યું ખુશીમેં રહેના.

કભુ મિષ્ટ પાઇ કભુ બંટી ખાઇ, કભુ દ્રવ્ય પાઇ કભુ સો ગુમાઇ;
દિલે હર્ષ કે શોક કાહુ ન લેના, રખે જ્યું પ્રભુ ત્યું ખુશીમેં રહેના.

કભુ પાય પ્યાદે ચલી પંથ જાના, કભુ વાહના સો વિમાના સમાના;
કભુ દાન દેના કભુ દાન લેના, રખે જ્યું પ્રભુ ત્યું ખુશીમેં રહેના.

કભુ આપ રાજા બની રાજ કીજે, કભુ નીચકી નોકરી ચાહી લીજે;
ભલી બૂરી હૈ કછુ યું ન કહેના, રખે જ્યું પ્રભુ ત્યું ખુશીમેં રહેના.

કભુ વ્યાહ ઉત્સવકે દિન આવે, કભુ શોકસિંધુ વિધાતા બનાવે;
નહિં રોયકે ડારીયે નીર નેના, રખે જ્યું પ્રભુ ત્યું ખુશીમેં રહેના.

કભુ હસ્તકી પુષ્પકી માળ ડાલે, કભુ શસ્ત્રસે શત્રુ આઇ પ્રહારે;
ધરી ધીર ધીરા ન ધોખા ધરેના, રખે જ્યું પ્રભુ ત્યું ખુશીમેં રહેના.

**અમીચંદ કરસનજી શેઠ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "એવો કાં આક્ષેપ?"

કરે કાર્ય પરમાર્થનું, નહીં લગારે લેપ;
તો પણ પોલમાં કાતરે, એવો કાં આક્ષેપ? ૧

ધર્મતણી કરણી કરે, નહીં સંસારી ચેપ;
એમાં યે પણ પોલ છે, એવો કાં આક્ષેપ? ૨

કરે નીતિથી નોકરી, પ્રમાણિકતા નેક;
છતાં પોકળ છે પોલનું, એવો કાં આક્ષેપ? ૩

તાણે લાજનો ઘૂમટો, નહીં દેખાયે એબ;
પ્રેક્ષકને મન પોલ છે, એવો કાં આક્ષેપ? ૪

અસરકારક ઉપદેશ દે, હૃદય નિચોવે છેક;
અંદરખાને પોલ છે, એવો કાં આક્ષેપ? ૫

સુણી વાણી ગુરુજનતણી, હૃદય ભીંજાવે પેક;
એ આંસુમાં પોલ છે, એવો કાં આક્ષેપ? ૬

ક્ષમાધારક કહેવાય ને, ક્રોધે કાળનો ક્ષેપ;
પણ છે બોલ ત્યાં પોલનો, એવો કાં આક્ષેપ? ૭

પરનું રૂડું ચાહવા, કરે ઘણીએ ખેપ;
કારણ છે ત્યાં પોલનું, એવો કાં આક્ષેપ? ૮

દેવતીર્થાદિ રક્ષણે, કરે નહીં કંઇ ગેબ;
નિશ્ચે સ્વાર્થે પોલ છે, એવો કાં આક્ષેપ? ૯

કરે બીલ બુદ્ધિબળે, નહીં કાંઈ છેકાછેક;
ઉદર-ભરણની પોલ છે, એવો કાં આક્ષેપ? ૧૦

લેખ લખે લાલચ વિના, ધરી હૃદયમાં પ્રેમ;
પર ઉપદેશે પંડિતા, એવો કાં આક્ષેપ? ૧૧

શેઠતણાં સૌ કામમાં, દોડાદોડની ખેપ;
કરે છતાં એ પોલ છે, એવો કાં આક્ષેપ? ૧૨

દર્પણ શરમ ન રાખશે, હોય તેવું દેખાય;
સાચું ખોટું જગતમાં, હશે તેવું કહેવાય. ૧૩

પરમેશ્વર તો એક છે, દોઢ પ્રભુ છે લોક;
જાણે જુવે દાખવે, શું કરવો તસ શોક? ૧૪

દયા લાવી પરમાત્મા, સત્ય બુદ્ધિ દે સાર;
કહે "કર્પૂર" તો સૌ સ્થળે, વરતે જયજયકાર. ૧૫

કર્પૂરચંદ કાકરશી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાધ્યાય ધ્યાન અંતર્ગત નમસ્કારમંત્રનું સ્થાન

( સંગ્રાહક સ્વ૰ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

૧. ચૌદ પૂર્વધર સાધુને ઉત્કૃષ્ટ સ્વાધ્યાય દ્વાદશાંગરૂપ હોય છે ( મહાપ્રાણધ્યાનથી તે અંતર્મુહૂર્ત્તમાં ચૌદે પૂર્વનું પરાવર્તન કરી શકે છે ). પછી ઉત્તરોત્તર ન્યૂનતાએ છેવટ દ્વાદશાંગના સારભૂત નમસ્કાર મંત્ર સમજવો.

૨. જેમ અગ્નિ પ્રમુખનો ભય પ્રાપ્ત થયે છતે સર્વ વસ્તુને તજી દઇ સારભૂત એક મહારત્ન ગ્રહણ કરી લેવામાં આવે છે તેમ મરણસમયે દ્વાદશાંગને પણ તજી, નમસ્કાર મહામંત્રનું જ શરણ-સ્મરણ કરવામાં આવે છે તેથી તે દ્વાદશાંગના સાર-નિચોડરૂપ છે.

૩. સમગ્ર દ્વાદશાંગ પરિણામવિશુદ્ધિને અર્થે જ છે. એવી જ રીતે પરિણામવિશુદ્ધિ કારણરૂપ હોવાથી નમસ્કાર મંત્ર તે દ્વાદશાંગીના અર્થરૂપ કેમ ન કહેવાય ? મતલબ કે પરિણામવિશુદ્ધિરૂપ હોવાથી નમસ્કાર મંત્ર પણ દ્વાદશાંગીના સારરૂપ જ છે.

૪. તથાપ્રકારના દેશ-કાળમાં સમગ્ર દ્વાદશાંગી પ્રમુખનું અનુચિંતન ગમે તેવા સમર્થ ચિત્તવાળા સાધુ પણ કરી શકતા નથી તેવે પ્રસંગે દ્વાદશાંગીના સારરૂપ નમસ્કાર મહામંત્ર જ સ્મરણ-ચિન્તવન કરવું યુક્ત છે.

## નમસ્કાર મહામંત્રનું માહાત્મ્ય

૫. તે મહામંત્ર સર્વ મંગળમાં પ્રધાન મંગળરૂપ છે તેથી સર્વ ભય ટળી જાય છે.

૬. તે સર્વ દુઃખને હરે છે, સર્વ સુખને કરે છે, યશ આપે છે-વધારે છે, સંસાર સાગરને શોષવી નાંખે છે-જન્મ મરણનો અંત આણે છે. વધારે શું વર્ણન કરીએ ? નમસ્કાર મંત્ર આ લોક સંબંધી અને પરલોક સંબંધી સમસ્ત સુખનું મૂળ છે.

૭. આ લોક સંબંધી, સુખ સંબંધી ત્રિદંડીના ઉત્તરસાધક થયેલા **શિવકુમારનું પ્રથમ દૃષ્ટાંત** મશહૂર છે, જેમાં નમસ્કાર મંત્રના પ્રભાવથી મરણાન્ત કષ્ટ-ઉપસર્ગથી મુક્ત થઇ, પોતે સુવર્ણપુરુષની પ્રાપ્તિ કરી શક્યો હતો.

૮. **બીજું દૃષ્ટાંત શ્રીમતીનું** છે. શ્રીમતીને મારવા તેના પતિએ પ્રપંચ કર્યા ઉક્ત નમસ્કાર મંત્રના પ્રભાવથી દેવસાન્નિધ્યવડે સર્પને બદલે ફૂલની માળા થઇ ગઇ સાક્ષાત્ આવો ચમત્કાર દેખી તેનો પતિ પણ પવિત્ર જૈન ધર્મમાં રક્ત થયો હતો.

૯. **ત્રીજું દૃષ્ટાંત બીજોરાના વનનું** છે. એકદા કોઇએક પુરુષે રાજાને એક અદ્ભુત બીજોરું ભેટ કર્યું તેથી પ્રસન્ન થઇ રાજાએ તેને સારી બક્ષીસ આપી. રાજાએ તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થળનો પત્તો મેળવ્યો તો માલૂમ પડયું કે તે બીજોરાનું વન દેવાધિષ્ઠિત છે. જે કોઇ તેમાંથી બીજોરું તોડી લે છે તે મૃત્યુ પામે છે. તેમ છતાં તેવા ફળના લોભથી રાજાએ લોકોના વારા બાંધ્યા. એકદા એક ઉત્તમ શ્રાવકનો વારો આવ્યો ત્યારે તેણે પ્રસન્નતાપૂર્વક નમસ્કાર મંત્રનું સ્મરણ કરી, તે વનમાં વિવેકથી નિસ્સીહી કહી પ્રવેશ કર્યો, તેથી અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થઇ પ્રતિબોધ પામી તેની પ્રશંસા કરવા લાગ્યો. શ્રાવકને **વર** માગવાનું કહેતાં તેણે કોઇ જીવનો વધ ન થાય તેમ કરવા જણાવ્યું તેથી દેવે તેમ વર્તવા કબૂલ કર્યું અને ઘેર બેઠાં બીજોરું મળવા લાગ્યું. એ સર્વ નમસ્કાર મહામંત્રનો પ્રભાવ સમજવો.

હવે શાસ્ત્રકાર પરલોક સંબંધી દૃષ્ટાન્ત બતાવે છે:—

## પરલોક સંબંધી સુખ ઉપર ચંડપિંગળ નામના ચોરનું દૃષ્ટાન્ત

૧૦. ચંડપિંગળ નામનો ચોર એક વેશ્યાના ઘરે રહેતો. એકદા રાજાનો મહામૂલ્યવાળો મોતીનો હાર ચોરી તેણે વેશ્યાને આપ્યો. કોઇક મહોત્સવ સમયે તે હાર પહેરી વેશ્યા બહાર ગઇ. તે જોઇ રાણીની દાસીએ તે હારને ઓળખી લઇને તે વાત રાણીને જણાવી. તપાસ કરી ચોરને પકડીને શૂળીએ ચડાવ્યો. વેશ્યાને બહુ પશ્ચાત્તાપ થયો, તેથી શૂળી સમીપે જઈ ચોરને નમસ્કાર મંત્ર સંભળાવ્યો. તે ત્યાંથી શુભ ધ્યાને મરીને રાજાનોજ પુત્ર થયો. તે નમસ્કાર મંત્રના માહાત્મ્યથી અનુક્રમે રાજ્યઋદ્ધિ પામી, દીક્ષા લઇ બહુ સુખી થયો.

૧૧. **બીજું દૃષ્ટાન્ત હુંડિક યક્ષનું:**—તે હુંડિક ચોર ચોરી કરી મથુરામાં રહેતો હતો. એકદા કોટવાળે પકડી રાજાના હુકમથી તેને શૂળીએ ચડાવ્યો. તે વખતે બહુ તૃષાથી પીડિત થયેલા તેણે નજદીકમાં જ જતાં જિનદત્ત શ્રાવકને કહ્યું કે 'તમે બહુ દયાળુ છો તેથી મને જળ આણી આપો.' ત્યારે તેણે કહ્યું કે 'હું જળ લાવી આપું ત્યાંસુધી તું નમસ્કાર મંત્ર જપ્યા કર.' ચોરે પણ તેમજ કર્યું એટલામાં જિનદત્ત શ્રાવક જળ લઇને આવ્યો. ચોરને સહાય કરનાર જાણી રાજાએ તેને પણ શૂળીએ દેવાનો હુકમ કર્યો. તેવામાં પેલો ચોર પણ શુભ ધ્યાને મરી યક્ષપણે ઉત્પન્ન થયો અને અવધિજ્ઞાને જોઇને પોતાના ઉપકારીને સહાય કરવા જલ્દી આવ્યો. સહુને ત્રાસ પમાડીને કહ્યું કે 'તમે આ મહાપુરુષને ઓળખતા નથી ? તમે તેને જલ્દી છોડી દ્યો, નહિ તો હું સહુને ચૂરી નાંખીશ.' આમ થવાથી તત્કાળ તે યક્ષને પ્રસન્ન કરવા રાજા વિગેરેએ જિનદત્તને ખમાવ્યો. યક્ષે પણ જિનદત્તની ભારે સ્તુતિ કરી. એ સર્વ પ્રભાવ નમસ્કાર મંત્રનો જાણવો.

**સારબોધ**-સ્વાધ્યાય ધ્યાન અંતર્ગત નમસ્કાર મહામંત્રનો ચમત્કારિક પ્રભાવ અને તેને લગતાં પૂર્વોક્ત દૃષ્ટાન્તો ઉપરથી સાર ગ્રહણ કરીને આત્માર્થી ભાઇ બહેનો હરહંમેશ નિયમસર સ્વાધ્યાય-ધ્યાનનો અભ્યાસ કર્યા કરે અને નમસ્કાર મહામંત્રનો ભાવાર્થ સારી રીતે સમજી એવા સત્તાગત રહેલા ઉત્તમ ગુણો પ્રગટ કરવા, તેનું નિયમિત રીતે સ્મરણ-ચિન્તન કરવા સ્થિર મનથી પ્રયત્ન કરતાં કોઈ એક લાખ, કોઇ નવ લાખ અને કોઇ નવ ક્રોડાદિકનો જાપ શરૂ કરી, અંતરલક્ષ રાખી, કેવળ આત્મશુદ્ધિ નિમિત્તે જ આ લોક કે પરલોકનાં ક્ષણિક સુખની લેશ પણ ઇચ્છા-પરવા વગર પૂરો કરે છે જેથી રાગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા સંબંધી વિચાર અને ભિક્ષુના આચાર

૧. વાણી ત્યાંથી પાછી ફરે છે–ત્યાં કોઇ તર્ક પહોંચતો નથી અને બુદ્ધિ પેસી શકતી નથી. જે આત્મા છે તે જ વિજ્ઞાતા છે અને જે વિજ્ઞાતા છે તે જ આત્મા છે. જેનાથી જણાય છે તે આત્મા છે. તેને લીધે આ મનુષ્ય આત્મવાદી કહેવાય છે. સમભાવ એ તેનો સ્વભાવ છે. તે ભોગ પદાર્થોના આલંબન વગર રહી શકે છે. ( લોકસાર )

૨. સંશયાત્મા મનુષ્ય સમાધિ પામી શકતો નથી–વિનાશ પામે છે.

૩. કેટલાક સંસારમાં રહીને જિનોને અનુસરે છે અને કેટલાક ત્યાગી થઇને જિનોને અનુસરે છે, પણ તે બંનેએ જિનોને નહીં અનુસરતા લોકો પ્રત્યે એમ માનીને અસહિષ્ણુ ન થવું કે "જિનોએ જ સત્ય અને નિઃશંક વસ્તુ જણાવી છે." કારણ કે જિન પ્રવચનને સત્ય માનતા, શ્રદ્ધાવાળા, સમજણ પામેલા અને બરાબર પ્રવ્રજ્યાને પાળતા એવા મુમુક્ષુને કોઇ વાર આત્મપ્રાપ્તિ થાય છે અને કોઈ વાર જિન પ્રવચનને સત્ય માનનારાને આત્મપ્રાપ્તિ નથી પણ થતી; તેમજ કેટલાક એવા હોય છે કે જેમને શરૂઆતથી જ જિન પ્રવચન સત્ય નથી ભાસતું અને છતાં ય આત્મપ્રાપ્તિ થાય છે, તો કેટલાક એવા હોય છે કે જેમને જિન પ્રવચન સત્ય નથી ભાસતું અને આત્મપ્રાપ્તિ પણ નથી થતી.

૪. આમ આત્મપ્રાપ્તિ થવાની વિચિત્રતા બરાબર સમજીને સમજદાર પુરુષે અણસમજુને કહેવું કે 'ભાઇ ! તું તારે આત્માનું સ્વરૂપ જ વિચાર. એમ કરવાથી બધા સંબંધોનો નાશ થશે.' ખરી વાત એ છે કે માણસ પ્રયત્નશીલ છે કે નહિ; કારણ કે કેટલાક જિનાજ્ઞાના વિરાધક હોવા છતાં ઉદ્યમવંત હોય છે; અને કેટલાક જિનાજ્ઞાના આરાધક હોવા છતાં ઉદ્યમહીન હોય છે.

## ભિક્ષુક ( સાધુ ) સંબંધી આચાર

૧. સર્વ બાબતોમાં રાગ-દ્વેષ વગરના થઇને તથા પોતાના કલ્યાણ માટે તત્પર થઇને હમેશાં સંયમપૂર્વક વર્તવું એ જ ભિક્ષુ ( સાધુ ) કે ભિક્ષુણી( સાધ્વી )ના આચારની સંપૂર્ણતા છે.

૨. ભિક્ષુએ ક્ષત્રિયકુળ, ઇક્ષ્વાકુકુળ પ્રમુખ તથા ગોવાળ, સુતાર વિ. અતિરસ્કૃત અને અનિંદિત કુળોમાં ભિક્ષા માગવા જવું.

૩. ભિક્ષુએ ભિક્ષા માગવા કોઇ અન્ય સંપ્રદાયના માણસ સાથે, ગૃહસ્થ સાથે કે પોતાના જ ધર્મના પણ કુશીલ સાધુ સાથે ન જવું આવવું; તથા તેમને આહાર ન દેવો કે દેવરાવવો. આ જ નિયમ સ્વાધ્યાયમાં દિશાએ અને ગામ–પરગામ જતી આવતી વખતે પણ સમજી રાખવો.

---

દ્વેષ–મોહાદિક કર્મમળ દૂર થઇ આત્મા ઉજ્જવળ થવા પામે છે. આવો ઉત્તમ સારબોધ સાંભળી, ગ્રહણ કરી, સહુએ તે સ્વાધ્યાય ધ્યાનમાં સારો આદર કરી, મહાપુન્યથી પ્રાપ્ત થયેલી આ માનવભવાદિક દુર્લભ સામગ્રી સાર્થક કરી લેવા લેશ પણ પ્રમાદ ન કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪. ભિક્ષુએ ગૃહસ્થના ઘરનો બંધ કરેલો દરવાજો તેની રજા વગર તથા જીવજંતુ જોયા-તપાસ્યા વગર ઉઘાડવો નહીં કે અંદર દાખલ થવું નહીં. પ્રથમ તેની રજા લઇને તથા જોઈ-તપાસીને, સાવધાનતાથી ઉઘાડીને અંદર દાખલ થવું કે બહાર નીકળવું.

૫. ભિક્ષા માગવા જતી વખતે ગૃહસ્થને ઘેર બ્રાહ્મણ વિગેરે યાચકોને પોતાની અગાઉ દાખલ થયેલા જોઈ, તેમને વટાવીને અંદર જવું કે માગવું નહીં. ત્યાંસુધી એકાન્ત સ્થળમાં કોઇની નજરે ન પડાય તેમ ઊભા રહેવું. જ્યારે જણાય કે તે સહુ આહાર લઇને કે લીધા વગર પાછા ચાલ્યા ગયા છે ત્યારે સાવધાનતાથી અંદર જવું અને વહોરવું.

૬. ત્યાં પણ ભિક્ષા માગતી વખતે કોઈ શંકિત સ્થાન સામે જોયા કરવું નહીં.

૭. સાવધાનતાથી મર્યાદાસર ઊભા રહી ભિક્ષા માગવી. જો શુદ્ધ પ્રેમભાવે ભિક્ષા આપે તો તે ગ્રહણ કરી ચાલ્યા જવું, તેમજ કદાચ ન આપે તો પણ ત્યાં કોઇને કઠોર વચન કહેવું નહીં. મર્યાદાસર રહીને જ ભિક્ષા માગવી.

૮. કોઇ ગામમાં વૃદ્ધાવસ્થાને કારણે સ્થિરવાસ કરનારા કે મહિનો મહિનો રહેનારા ભિક્ષુકો ગામેગામ ફરતા સાધુને એમ કહે કે ' આ ગામ બહુ નાનું છે અથવા સૂતક આદિને કારણે ઘણાં ઘર ભિક્ષા માટે બંધ છે; માટે આપ બીજા ગામે પધારો ' તો ભિક્ષુએ તે સાંભળી તે ગામમાં ભિક્ષા માટે ન જતાં બીજા ગામે ચાલ્યા જવું અને ત્યાંથી ભિક્ષા મેળવી લેવી.

૯. ભિક્ષુએ અમુક ઠેકાણે જમણવાર છે એમ જાણી તેની આશાએ ભિક્ષા માટે ન જવું, પરંતુ બીજી બાજુ નિર્દોષ ભિક્ષા માટે ચાલ્યા જવું; પણ નિર્ગ્રંથ સંયમી મુનિએ જમણવારોમાં ભિક્ષાર્થે સદોષ જાણીને ન જવું.

૧૦. જમણવારમાં વધારે પડતું કે પુષ્ટ ભોજન ખાઈ-પીને બરાબર પચી ન શકવાથી ઝાડા, ઉલટી કે શૂળાદિક રોગો પણ પેદા થાય.

૧૧. વળી જ્ઞાનધ્યાનમાં વ્યાઘાત-અંતરાય પડે તેમ પણ ન કરવું.

૧૨. આમ ભગવાને જમણવારમાં ભિક્ષાર્થે જતાં અનેક દોષો બતાવ્યા છે તેથી ભિક્ષુએ જમણવારમાં ભિક્ષા માગવા ન જવું, પરંતુ થોડો થોડો નિર્દોષ આહાર અનેક ઘરેથી માંગીને ( નિઃસ્પૃહભાવે ) વાપરવો.

૧૩. સારો કે નરસો પણ પ્રાસુક ( અચેત ) અને નિર્દોષ આહાર મળી આવે તે વખાણ્યા કે કવખોડ્યા વગર-રાગદ્વેષ કર્યા વિના સમભાવે વાપરવો.

૧૪. પ્રાસુક ને નિર્દોષ આહાર પણ કોઇને બાધા-પીડા-અંતરાય કર્યા સિવાય મેળવી, અન્ય સાધુ-સંતોને તેમાંથી લેવા પ્રાર્થના કરી બને તો સાથે જ વાપરવો.

૧૫. વિષય-રસાસક્તિ જ અનર્થકારી છે એમ જાણી તેમાં થતી આસક્તિ તજવી.

૧૬. વૃદ્ધ-બાળ-ગ્લાન-તપસ્વી સાધુ સંતોની યોગ્ય સેવા-ભક્તિ કરવા પૂરતું લક્ષ રાખવું.

૧૭. એની યોગ્ય કરણી અભિમાન રહિત કેવળ સેવાભાવે આત્મલક્ષથી કરવી.

સંગ્રાહક સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મતત્ત્વ

( અનુસંધાન પૃષ્ઠ ૧૨૫ થી )

## દ્રવ્ય પર્યાયની અપેક્ષાએ ફળના ભોકતાની વિવિધતા

એક જીવ કાંઇક શુભ કે અશુભ કર્મ કરે છે અને તેનું ફળ બીજો ભોગવે છે એમ બનતું નથી. જે જીવ શુભાશુભ કર્મ કરે છે તે જ જીવ તેનું ફળ ભોગવે છે. આ બંને વાતો અપેક્ષાએ સાચી છે. તે અપેક્ષા આ પ્રમાણે:—

એક મનુષ્ય, મનુષ્ય શરીરનાં પર્યાયરૂપે રહીને પુન્ય કરે છે અને દેવના પર્યાયરૂપે રહીને તેનું ફળ ભોગવે છે. અહીં પર્યાયની મુખ્યતા છે. નય એટલે અપેક્ષા–અભિપ્રાય. નય બે છે: દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય. મૂળ દ્રવ્યને–વસ્તુને લક્ષમાં રાખીને વસ્તુનો નિર્ણય કરે છે–દ્રવ્યનો વિષય કરે છે તે **દ્રવ્યાર્થિક નય** છે અને જે પર્યાય તરફ લક્ષ આપીને પર્યાયની વાતો કરે છે–પર્યાયનો વિષય કરે છે તે **પર્યાયાર્થિક નય** છે.

## દ્રવ્ય પર્યાયની અપેક્ષાએ એકતા અને અનેકતા

જે વખતે આત્માની સાથે પર્યાયાર્થિક નયનો સંબંધ જોડવામાં આવે છે તે વખતે આત્મા એક હોવા છતાં અનેક આત્મા કહેવાય છે; કેમ કે આત્મા કોઇ વખતે મનુષ્ય થાય છે, કોઈ વખતે તિર્યંચ થાય છે, તો કોઇ વખતે નારકી પણ થાય છે. આવા અનેક રૂપો ધારણ કરતો હોવાથી એક આત્મા હોવા છતાં પર્યાયની અપેક્ષાએ તે અનેક થાય છે અને અનેક કહેવાય છે.

હવે જે વખતે દ્રવ્યાર્થિક નયનો આત્માની સાથે સંબંધ રાખી તે વાત કરવામાં આવે છે તે વખતે એક આત્મા કહેવાય છે અર્થાત્ મનુષ્યાદિ અનેક સ્વરૂપો થવા છતાં તે બધામાં આત્મ દ્રવ્ય તો એક જ છે, માટે જ ઉપર કહેવામાં આવ્યું છે કે પર્યાયોની અપેક્ષાએ કોઇ કર્મ કરે છે અને તેનું ફળ બીજો કોઇ ભોગવે છે. જે મનુષ્યે અમુક પ્રકારનું કર્મ ઉપાર્જન કર્યું તે મરીને દેવ થયો એટલે મનુષ્યે શુભ કર્મ કર્યું અને તેનું ફળ દેવે ભોગવ્યું, કેમ કે મનુષ્ય-પર્યાયથી દેવપર્યાય જુદો છે.

દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ જે કર્મ ઉપાર્જન કરે છે તે જ તેનું ફળ ભોગવે છે. જે આત્માએ મનુષ્યમાં રહીને શુભ કર્મ બાંધ્યું હતું તે જ આત્મા દેવપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્પન્ન થઈને તેનું ફળ દેવપણામાં ભોગવે છે, જેમ કે મનુષ્ય અવસ્થામાં આત્મા હતો તે જ આત્મા દેવ અવસ્થામાં છે. અહીં આત્મા જે મૂળ વસ્તુ છે તેની મુખ્યતાવાળી અપેક્ષા છે. પ્રથમમાં આત્માના દેહવાળા પર્યાયની અપેક્ષા નથી.

**નિત્યાનિત્ય આત્મા**—આત્માને એકાંત નિત્ય માનવાથી કે એકાંત અનિત્ય માનવાથી તેમાં આ દ્રવ્યની તથા પર્યાયની અપેક્ષાઓ કોઇ પણ રીતે સંભવતી નથી. આમ દ્રવ્યની અપેક્ષાએ આત્મા **નિત્ય** છે અને પર્યાયની અપેક્ષાએ આત્મા **અનિત્ય** છે. આત્મા દેવ, મનુષ્ય, પશુ, પક્ષી આદિ પર્યાયો ધારણ કરે છે તે અપેક્ષાએ અનિત્ય છે અને ગમે તેટલા તથા ગમે તેવા પર્યાયો ધારણ કરે પણ આત્માનો નાશ થતો નથી–દરેક પર્યાયમાં આત્માની હૈયાતી કાયમ રહે છે તે અપેક્ષાએ આત્મા અમર છે–નિત્ય છે. આ નિત્યાનિત્ય અવસ્થા દરેકના અનુભવમાં આવે તેવી છે એટલે અપેક્ષાએ કથંચિત્ નિત્યાનિત્ય માનવાની જરૂર છે.

**ઔદયિક ભાવથી જીવ કર્મનો કર્તા-ભોક્તા છે**—આ જીવ ઔદયિક ભાવના ઉદયથી કર્મ કરે છે અને ભોગવે છે, તે ઔદયિક ભાવનો નાશ થવાથી કાંઇ પણ કર્મ કરતો નથી અને ભોગવતો પણ નથી. જીવ જ્યારે કર્મ કરે છે તે વખતે ઔદયિક ભાવ તેમાં નિમિત્ત કારણ થાય છે એટલે જ્યારે આત્મામાં નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ એ ચાર ગતિ; ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય; પુરુષ, સ્ત્રી, નપુંસક આ ત્રણ વેદ; મિથ્યા દર્શન, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ, કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ આ છ લેશ્યા એમ એકવીશ ઔદયિક ભાવનો ઉદય થાય છે ત્યારે જીવ શુભાશુભ કર્મ ઉત્પન્ન કરે છે અને તેનાં સુખ–દુઃખાદિ ફળો ભોગવે છે. જ્યારે આ ઔદયિક ભાવની સત્તા નાશ પામે છે ત્યારે જીવ નવીન કર્મ બાંધતો નથી અને તેના ફળ ભોગવતો પણ નથી.

**વિષયો આત્માને સુખ–દુઃખ આપતા નથી:**—ઇંદ્રિયોના વિષયો કે તે અચેતન છે. તે ચેતન આત્માને સુખ–દુઃખ આપી શકતા નથી, છતાં અજ્ઞાની જીવ વિકલ્પો–કલ્પનાઓવડે તેમાં સુખ–દુઃખ આપવાનો આરોપ કરે છે.

**સંકલ્પથી ઇષ્ટાનિષ્ટ:**—દ્રવ્યગુણપર્યાયો સંકલ્પ કર્યા વિના આત્માને ઇષ્ટતા કે અનિષ્ટતા માટે થતાં નથી. કોઇ પણ દ્રવ્યના ગુણ કે પર્યાયમાં મારાપણાનો કે પારકાપણાનો, સારાપણાનો કે ખોટાપણાનો, સુખદાતાનો કે દુઃખદાતાનો સંકલ્પ ઉઠ્યો કે તરતજ તેમાં અથવા તે માટે કરાતા રાગદ્વેષથી જીવનું ઇષ્ટ કે અનિષ્ટ થવાનું જ. અને જો તેમ ન કરે તો જીવનું ભલું કે ભૂરું થતું નથી, તેથી નિશ્ચય થાય છે કે જીવના ઇષ્ટ કે અનિષ્ટ થવામાં સંકલ્પવિકલ્પ જ કારણરૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળવામાં આવતા નિંદા કે સ્તુતિના વચનો જીવને કંઇ પણ નુકસાન કરતાં નથી, કારણ કે તેનો આત્મા સાથે કંઇ સંબંધ નથી; છતાં એ વચનો સાંભળી જીવ શોક કે હર્ષ, દ્વેષ કે રાગ કરે તો જીવને દુઃખદાયી બંધ થયા વિના રહેતો નથી.

આ સર્વ શુભાશુભ ઇંદ્રિયોના વિષયોરૂપ બહારના કારણો આત્માને મોહના દોષને લઇને જ સુખ–દુઃખ કરનારા થાય છે. તે મોહ ન હોય તો કોઇ પણ પદાર્થમાં એવી તાકાત નથી કે જીવને સુખ–દુઃખ આપી શકે. સુખ–દુઃખમાં નિમિત્ત કારણ મોહ છે. મોહને લીધે જીવ જ્યારે તે તે પદાર્થમાં રાગદ્વેષ કરે છે ત્યારે તેનામાં સ્વપરનું વિવેક જ્ઞાન જાગૃત હોતું નથી તેથી તે તે પદાર્થને ઇષ્ટ કે અનિષ્ટ માનીને ઇષ્ટના સંયોગથી પોતાને સુખી અને અનિષ્ટના સંયોગથી દુઃખી માને છે.

તત્ત્વદૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે કોઇ પણ દ્રવ્ય ઇષ્ટ કે અનિષ્ટ છે જ નહિ. ઇષ્ટ પદાર્થ પણ મોહને લઇને અનિષ્ટ લાગે છે અને અનિષ્ટ પદાર્થ ઇષ્ટ લાગે છે.

આત્મા પોતે જ પોતાની શક્તિથી પરદ્રવ્યને જાણે છે, જોવે છે અને સદ્દહે છે. બીજા પદાર્થોની, મદદની તેને જરૂર રહેતી નથી; કેમકે તે જોવું, જાણવું વિગેરે આત્માનો સ્વભાવ જ છે. મોહ પોતાની સોબતથી જીવને–આત્માને મલિન કરે છે. રાતા પુષ્પો ઉજ્જવળ સ્ફટિકને શું લાલ નથી બનાવતા ? અર્થાત્ બનાવે છે આ લાલ પુષ્પની ઉપાધિ સ્ફટિક રત્ન પાસેથી દૂર કરવામાં આવે તો સ્ફટિક પોતાના ખરા સ્વરૂપમાં પ્રકાશે છે, તેમ આ મોહને આત્મા પાસેથી દૂર કરવામાં આવે તો આત્મા પોતાના નિર્મળ સ્વરૂપે પ્રકાશી રહે છે.

આ પ્રમાણે આત્માની મલિનતાના કારણો સમજીને દુઃખના બીજરૂપ મોહનો જેઓ ત્યાગ કરે છે તે જીવો આવતા કર્મને અટકાવવારૂપ કર્મનો સંવર કરે છે. જે જીવો શુભાશુભ પરદ્રવ્યમાં રાગદ્વેષ કરે છે તેઓ ઘણા લાંબા વખત સુધી તપ કરે તો પણ તેઓની શુદ્ધિ કોઇ પણ પ્રકારે થતી નથી. એક માણસ સ્નાન કરી તરતજ ધૂળમાં આળોટે તો તેનું સ્નાન નિષ્ફળ છે, કેમ કે સ્નાન કરવાનો ઉદ્દેશ મેલ દૂર કરવાનો છે, તે ધૂળમાં આળોટવાથી નિરુપયોગી થાય છે. તેમ તપ કરવાનો ઉદ્દેશ કર્મનગીને શુષ્ક કરીને નિર્જરી નાંખવાનો–દૂર કરવાનો છે, તે રાગદ્વેષ કરવાથી પાર પડતો નથી; માટે આત્માની વિશુદ્ધિને અર્થે પ્રથમ રાગ–દ્વેષનો ત્યાગ કરવો જોઇએ. જો તેનો ત્યાગ કરવામાં ન આવે તો કર્મના ફળ ભોગવતાં દુઃખની પરંપરાના કારણરૂપ આઠ પ્રકારના કર્મ બાંધે છે. જેઓ કર્મના સર્વ ઉદયને પુદ્ગળરૂપ સમજીને તેમાં આસક્ત ન થતાં તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે તે સર્વ કર્મ રહિત શુદ્ધ આત્મસ્વરૂપ થઇ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવથી છ આવશ્યક**:—જેઓ ભક્તિપૂર્વક સામાયિક, ચૈત્યસ્તવ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચખાણમાં વર્તે છે તેમને સંવર થાય છે. આત્મતત્ત્વમાં સ્થિર થઈને સર્વ પદાર્થોમાંથી રાગદ્વેષનો ત્યાગ કરે છે તે સમભાવની સ્થિતિને **સામાયિક** કહે છે. સમય એટલે આત્મા. તે આત્મામાં રહેવું તે સામાયિક.

જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રય સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય કર્મ ઉપાધિથી રહિત આત્માની જેઓ નિરંતર સ્તુતિ કરે છે તેને જ્ઞાનીઓ **સ્તુતિ** કહે છે. કોઈ પણ દેહની સ્તુતિ નહિ પણ વિશુદ્ધ આત્માની સ્તુતિ કરવી તે વાસ્તવિક સ્તુતિ છે, તેનાથી કર્મનું આગમન રોકાય છે. ચોવીશ તીર્થંકરની સ્તુતિ કરવી તેને **ચતુર્વિંશતિસ્તવ** કહે છે. તે સ્તુતિમાં અમુક તીર્થંકર વિશેષની સ્તુતિ છે ત્યારે શુદ્ધ આત્માની સ્તુતિ કરવી તે પવિત્ર આત્માની સામાન્ય સ્તુતિ છે: બંને ય કરવાયોગ્ય છે.

પવિત્ર જ્ઞાન, દર્શન, ચારિત્રમય ઉત્તમ આત્માને વંદન–નમસ્કાર મન, વચન, કાયાવડે કરવો તેને **વંદના** કહે છે. આમાં ગુર્વાદિક આચાર્ય આદિ મુનિરૂપ છે તેને વંદના કરવી તે વિશેષરૂપ વંદના છે. પવિત્ર આત્માને નામરૂપની કલ્પના વિના જે વંદના કરાય તે સામાન્યરૂપે વંદના છે. બંનેને કરાતી વંદના લાભદાયક છે, છતાં શુભ ઉપયોગવાળી વંદના પુન્યફળદાતા છે અને શુદ્ધ પવિત્ર આત્માકારે પરિણમવારૂપ વંદના સંવરનું કારણ છે.

પૂર્વે કરેલા કર્મોમાંથી જે કર્મો અત્યારે ફળ દેવા આવેલા છે—ઉદયમાં આવેલા છે તે કર્મ ભોગવવામાં મારાપણાનો ત્યાગ કરવો, શુભ અશુભ સુખ-દુઃખનાં પ્રસંગોમાં મારાપણું ન માનવું તેને **પ્રતિક્રમણ** કહે છે. સ્વભાવને ભૂલી વિભાવમાં ગયો હતો ત્યાંથી પાછો ફરીને સ્વભાવમાં આવ્યો માટે તેનું નામ **પ્રતિક્રમણ** છે

જે મનુષ્ય શરીરને અચેતન કર્મથી બનેલું અને અંતે વિનાશ પામનારું છે એમ જાણીને શરીરના કાર્યને બહુ મહત્ત્વ આપતા નથી તેમજ શરીરના કાર્યમાં પ્રવૃત્તિ કરતા નથી તે મનુષ્ય કાયોત્સર્ગ કરી શકે છે. તે કાયોત્સર્ગના વખતમાં કોઈ પણ પ્રકારે શરીર ઉપર મમત્વ રાખતો નથી, શરીરને સ્થિર રાખે છે અને ધર્મધ્યાનમાં આત્મજાગૃતિ કરી પ્રવૃત્તિ કરે છે તેને **કાયોત્સર્ગ** કહે છે. કાયાનો ઉત્સર્ગ એટલે ત્યાગ, કાયામાંથી ઉપયોગ ખેંચી લઈ આત્મામાં ઉપયોગ રાખવો તે કાયોત્સર્ગ છે.

કર્મથી આત્માને ભિન્ન જોનાર મનુષ્ય જ્યારે ભવિષ્યમાં થનારા બંધનના નિમિત્તરૂપ રાગદ્વેષાદિ ભાવોનો ત્યાગ કરે છે તેને **પ્રત્યાખ્યાન** કહે છે. પ્રત્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાન એટલે ત્યાગ. જે જે લાગણીઓથી–પરિણામોથી ભવભ્રમણ કરાવનાર કર્મો આવે છે તે તે ભાવોનો–લાગણીઓનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન છે.

જે યોગી આળસનો ત્યાગ કરી આત્મતત્ત્વમાં લક્ષ રાખીને આ છ આવશ્યક કરે છે તેના કર્મોનો સંવર થાય છે. મિથ્યાજ્ઞાનનો ત્યાગ કરનાર આત્મ અનાત્મનો વિવેક કરી સમ્યગ્ જ્ઞાનમાં લીન થાય તે જ આવતાં કર્મોનો નિરોધ કરી શકે છે.

**દ્રવ્યભાવભોક્તા**—જ્ઞાની દ્રવ્યથી–વ્યવહારે વિષયો ભોગવે છે પણ ભાવથી ભોગવતો નથી, ત્યારે અજ્ઞાની જીવ દ્રવ્યથી–વ્યવહારે વિષયો ભોગવતો નથી પણ ભાવથી ભોગવે છે. જ્ઞાની પુરુષ આત્મ–અનાત્મનો, જડ–ચૈતન્યનો ભેદ જાણતો હોવા છતાં કર્મની પ્રબળતાને લઇ, તેનો ત્યાગ કરવાની પોતાની અસમર્થતાને લીધે દ્રવ્યથી–દેખવા માત્ર વ્યવહારથી પાંચ ઇંદ્રિયોના ખાવાપીવાદિ વિષયો ભોગવે છે પણ તેમાં આસક્તિ ન હોવાથી ભાવથી તે તેનો ભોક્તા નથી એટલે કર્મબંધ કરતો નથી; બીજો અજ્ઞાની મનુષ્ય અજ્ઞાનતાને લીધે પોતાનું હિત અહિત જાણતો નથી છતાં દ્રવ્યથી–વ્યવહારે ઉપવાસ આદિ કરીને ખાનપાનાદિ ભોગોનો ત્યાગ કરે છે તો પણ તેની તે તે વિષયોની આસક્તિ ગયેલી ન હોવાને લીધે દ્રવ્યથી તે ભોગો ન ભોગવવાં છતાં ભાવથી તે તે વસ્તુઓનો ભોક્તા થાય છે. થોડા વખત માટે થોડા ભોગોનો ત્યાગ કરી ભવિષ્યમાં લાંબા વખત માટે વધારે મેળવવા પ્રયત્ન કરવો તે પણ અંદરની આસક્તિ સૂચવે છે, એટલે પરિણામ અનુસારે કર્મનો બંધ થાય છે.

વ્યવહારે જે મનુષ્ય નિવૃત્ત થાય છે–ત્યાગ કરે છે–ત્યાગી થાય છે તેને વ્યવહારપરાયણ લોકો પૂજે છે; પણ જે અંદરથી ભાવથી ત્યાગી થયો છે. વિષયોથી પાછો હઠ્યો છે તે તત્ત્વજ્ઞ લોકોવડે પૂજાય છે. વ્યવહારજ્ઞ લોકો વ્યવહારપરાયણને અધિક માને છે. તત્ત્વજ્ઞ લોકો તત્ત્વજ્ઞ પુરુષોમાં અધિકતા જુવે છે.

જે મનુષ્ય દ્રવ્યમાત્રથી વ્યવહારે ત્યાગી થયો છે તેનો આવતાં કર્મો બંધ થવારૂપ સંવર થતો નથી પણ જે ભાવથી નિવૃત્ત થયો છે–પાછો હઠ્યો છે તેને નિશ્ચયથી કર્મોનો સંવર થાય છે–આવતાં કર્મો બંધ થાય છે–અટકી જાય છે

દ્રવ્યથી વિષયોની નિવૃત્તિ કરતાં ભાવથી નિવૃત્તિ કરવી તે ઉત્તમ છે પણ કેવળ ભાવથી નિવૃત્તિ કરતાં સર્વથા સંવર થઇ શકતો નથી, માટે વ્યવહારે દ્રવ્યથી મન, વચન, કાયાએ નિવૃત્તિ કરવાની પણ જરૂર છે.

આ પ્રમાણે વસ્તુતત્ત્વના પરમાર્થને સમજીને વ્યવહારે–દ્રવ્યથી મન, વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરવડે નિવૃત્તિ કરીને-ત્યાગી થઈને સર્વથા આવતાં કર્મો અટકાવવા માટે ભાવથી-અંતરની લાગણીથી નિવૃત્તિપરાયણ થવું.

**મોક્ષપ્રાપ્તિમાં વેષની મુખ્યતા નથી**—શરીર જડરૂપ હોવાથી જેમ આત્માથી જુદું છે તેમ સાધુઓના ચિહ્ન-વેષ પણ જડરૂપ હોવાથી આત્માથી ભિન્ન છે, માટે તત્ત્વદષ્ટિએ જોતાં લિંગ-સાધુનો વેષ તે મોક્ષ મેળવવામાં ખાસ અગત્યનું મુખ્ય કારણ નથી. વ્યવહારમાં સાધુનો વેષ અને શરીર એ મોક્ષમાં નિમિત્ત કારણ છે પણ નિશ્ચયથી શરીર કે વેષ મોક્ષમાં કારણ નથી. જેની સાથે અભેદ સંબંધ હોય તે મોક્ષમાં વિદ્યમાન રહે છે, અને જ્ઞાન, દર્શન, ચારિત્રની માફક મોક્ષમાં કારણ પણ તે જ ગણાય છે.

સંવર કરવાના અર્થી જીવોએ સંવરને માટે પોતાના આત્મામાં રહેલ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની સેવા કરવી અને સર્વ ચેતન અચેતન વસ્તુનો ત્યાગ કરવો. રાગદ્વેષ વિનાનું અને સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રથી ભરપૂર એવું આત્મતત્ત્વ છે તે જ મુક્તિનો માર્ગ છે એવું જેઓ જાણે છે તેઓ તેના વિરોધી પરિણામોનો ત્યાગ કરવારૂપ સંવર તત્ત્વને પામી શકે છે-આવતા કર્મોને અટકાવી શકે છે. ( અપૂર્ણ )

મુમુક્ષુ

## જયઘોષ કરજો જગ વિષે

( હરિગીત. )

સુત માત તાત કલત્રને, નિજ મનથકી ત્યાગ્યાં હશે,
ધન માલ માયાને તજી, દિલ ત્યાગથી રંગ્યા હશે;
એવા મુનિ વીરધર્મના, સૌ માર્ગમાં જ્યાં જ્યાં હશે,
મુનિ મેળ રાજનગર થશે, છે વાત એક જ દશ દિશે. ૧

આ વિશ્વમાં વઢવા નથી, વૈરાગ્યનાં વસ્ત્રો કર્યાં,
વળી તીર્થ જન ઉદ્ધારના, પ્રશ્નો નથી હાથે ધર્યાં;
વિદ્યા વરી નથી વાદ માટે, એ વાત સૌ સમજી જઇ,
મન મેલને અળગો કરી, રવિ સમ થજો જૈનોમહીં. ૨

સૂરિ માન પદ કે મમત્વના, વળી ગોચરી ને ગચ્છના,
વંદન અને દીક્ષાતણા, સૌ પ્રશ્ન છણજો શાંતિથી;
જૈન ધર્મ મંદિર મૂર્તિને, દિન તીર્થના પ્રશ્નોમહીં,
**મુનિ એક ને અવિભાજ્યનો.** જયઘોષ કરજો જગ વિષે. ૩

શાહ મોહનલાલ હરિચંદ-શિહોરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર

( પ્રશ્નકાર—મુનિ પ્રેમવિમળ-સાઠંબા )

( અનુસંધાન પૃષ્ઠ ૨૩૫ થી )

**પ્રશ્ન ૨૩**—અર્હંન્નીતિમાં પ્રજા ધર્મ કરે તેનો છઠ્ઠો ભાગ રાજાને મળે એમ કહ્યું છે તો સ્ત્રી ધર્મ કરે તેનો છઠ્ઠો ભાગ પતિને મળતો હશે ?

**ઉત્તર**—પ્રજાને ધર્મ કરવામાં અનુકૂળતા કરી આપે, વિઘ્નો દૂર કરે, બીજી અનેક પ્રકારની સહાયતા આપે તો તેને લઇને રાજાને પ્રજાના કરેલા ધર્મનો છઠ્ઠો અથવા અમુક ભાગ મળે એમ કહેવું નિમિત્ત કારણને લઇને વાસ્તવિક છે. તેમ સ્ત્રીને ધર્મસાધન કરવાની અનુકૂળતા કરી આપે, બની શકતી બધી રીતે સહાય આપે, વિઘ્ન તો ન કરે પણ બીજાથી થતાં વિઘ્નોને પણ દૂર કરે તો પતિને પણ તેમાંથી અમુક ભાગ મળે એમ કહેવું અયોગ્ય નથી.

**પ્રશ્ન ૨૪**—દાન કલ્પદ્રુમમાં કહ્યું છે કે જે મનુષ્યો મત્સર( ઇર્ષ્યા )વડે ગુણવંતના ગુણોની શ્લાઘા ( પ્રશંસા ) કરતા નથી તેવા ક્ષુદ્ર મનુષ્યો આગામી ભવમાં રૂદ્રાચાર્યની જેમ અતિ દુઃખી થાય છે, પરંતુ રૂદ્રાચાર્યની કથામાં તો પશ્ચાત્તાપ કરવાથી તેને કેવળજ્ઞાન થયું છે, તે કાંઇ દુઃખી થયા નથી તો આ રૂદ્રાચાર્ય તે કે બીજા ?

**ઉત્તર**—દાન કલ્પદ્રુમમાં કહેલા રૂદ્રાચાર્ય બીજા સંભવે છે.

**પ્રશ્ન ૨૫**—યોગશાસ્ત્ર વિગેરેમાં દેવગુરુના નિંદક વિગેરે પાપીઓની પણ ઉપેક્ષા કરવાનું કહ્યું છે અને વીતરાગ સ્તોત્રાદિકમાં જૈનધર્મના દ્વેષી વિગેરે દુષ્ટોને સ્વશક્તિએ નિવારવાનું કહ્યું છે તો એમાં પરસ્પર વિરોધ કહેવાય કે નહીં ?

**ઉત્તર**—એમાં પરસ્પર વિરોધ સમજવો નહીં. બંનેના વચનો અપેક્ષાવાળા છે. દેવગુરુના નિંદક વિગેરે ઉપર ક્ષમા રાખવી, માધ્યસ્થ ભાવ રાખવો એમ પણ અમુક હદ સુધી યોગ્ય છે, પરંતુ દેવગુરુનો, ધર્મનો, તીર્થનો વિનાશ કરનાર થાય તો તેનું સ્વશક્તિએ **વિષ્ણુકુમાર** તેમજ **વાલીકુમાર** મુનિની જેમ નિવારણ કરવું તે પણ યોગ્ય છે. આમાં ક્યાં સુધી માધ્યસ્થ્ય રાખવું ને ક્યારે નિવારણ કરવું તેની મર્યાદા બાંધવાનું કામ બહુશ્રુતનું છે. અલ્પજ્ઞોને માટે તેમાં ભૂલ થઇ જવાનો સંભવ છે.

**પ્રશ્ન ૨૬**—'જૈન'પત્રમાં શકડાળ મંત્રીએ ઝેર પી લીધાનું લખ્યું છે તે બરાબર છે ? તેનો તો તેના પુત્ર શ્રીયકે શિરચ્છેદ કરેલ છે.

**ઉત્તર**—શકડાળ મંત્રીએ વિષના પરિણામવાળો હીરો ચૂસ્યો છે. મરણ તે તેનાથી થયું છે. શ્રીયકની કૃતિ તો નંદરાજાને સમજાવવા પૂરતી છે. વળી તે કામ પણ તેણે અનિચ્છાએ કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૨૭—કેટલાક જ્ઞાનાભિલાષીઓ જ્ઞાનપ્રાપ્તિ માટે સરસ્વતી મંત્રનો જાપ કરે છે તો તેથી દેવી પ્રસન્ન થતી હશે? અને જાપ કરનારને જ્ઞાનપ્રાપ્તિ વિશેષ થતી હશે?

**ઉત્તર**—પ્રસન્ન થાય જ એમ ચોક્કસ નથી પરંતુ પ્રસન્ન થાય તો તેને જ્ઞાન-પ્રાપ્તિની અનેક પ્રકારની અનુકૂળતાઓ કરી આપે છે તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેને જ્ઞાનપ્રાપ્તિ કરી આપનાર કહી શકાય છે.

**પ્રશ્ન** ૨૮—સરસ્વતી દેવીને પોતાને શ્રુતજ્ઞાન કેટલું હોય?

**ઉત્તર**—ઘણું અલ્પ હોય. તેનું અવધિજ્ઞાન પણ બહુ વિશેષ નથી. શ્રુતજ્ઞાન તે આપતી નથી પણ સાધનો પૂરા પાડે છે.

**પ્રશ્ન** ૨૯—મહાનિશિથ સૂત્રમાં ઉપધાન વહન કર્યા સિવાય નમસ્કારમંત્ર વગેરેનો પાઠ કરવાનો પણ નિષેધ કરેલો છે તો ઉપધાન વહન કરનાર નમસ્કારાદિ સૂત્રોના અભ્યાસ વિના ક્રિયા શી રીતે કરી શકે?

**ઉત્તર**—મહાનિશિથ સૂત્રનું કથન ઉપધાન વહન કરવાની આવશ્યકતા સૂચવ-નારું છે. નમસ્કારાદિ સૂત્રો કે જેના ઉપધાન વહન કરવામાં આવે છે તેનો વાસ્તવિક પાઠ ઉપધાન વહન કર્યા પછી જ કહેવાય છે. કોઇ પણ મંત્રને સિદ્ધ કરવા માટે તેનો વિધિ-વિધાનપૂર્વક અમુક સંખ્યામાં જાપ કરવામાં આવે છે તેવી આ ક્રિયા છે.

**પ્રશ્ન** ૩૦—કલ્પસૂત્રના પ્રથમ વ્યાખ્યાનમાં શય્યાતરના ઘરના બાર પ્રકારના પિંડ ન લેવામાં જે અસ્તરો કહ્યો છે તે મુનિ લે ને રાખે?

**ઉત્તર**—એ વસ્તુ જરૂર પડ્યે લેવી પડે તો લે, પણ રાખે નહીં.

**પ્રશ્ન** ૩૧—પ્રભુ પ્રતિમા ઉપર એક શ્રાવકે ફૂલો ગોઠવ્યા હોય ત્યારપછી બીજો શ્રાવક આવે તે તેજ ફૂલોને ઉતારીને વધારે સારી રીતે ગોઠવે તો તેમાં તેને કાંઇ દોષ લાગે?

**ઉત્તર**—એમાં દોષનો સંભવ નથી. એ કરણી ભક્તિભાવની છે

**પ્રશ્ન** ૩૨—ગવર્નમેન્ટના કે કોઇ પણ રાજ્યના કાયદા વિરુદ્ધ કોઇ વ્યાપારી જકાતની ચોરી કરીને કાંઇ માલ લાવે તો તે જેમ રાજ્યનો ગુન્હેગાર થાય તેમ ધાર્મિક રીતે પણ દોષપાત્ર ગણાય કે નહિ?

**ઉત્તર**—ગણાય, એ જ કારણથી લોકવિરુદ્ધ, રાજ્યવિરુદ્ધ, ધર્મવિરુદ્ધનો શ્રાવકે ત્યાગ કરવાનું કહ્યું છે અને ત્રીજા અણુવ્રતમાં પણ ચોથા અતિચારમાં તેનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન** ૩૩—રાજાને પોતાના રાજ્યમાં ગમે તેવો કાયદો કરવાનો અધિકાર હોય છે ને પ્રજાને તેને તાબે રહેવું પડે છે તો **નમુચી** પ્રધાને કરેલા કાયદાને આધીન મુનિઓને રહેવું પડે કે નહીં?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—કાયદા કરવાની સત્તા રાજ હદમાં હોય છે, મર્યાદાનું ઉલ્લંઘન કરીને રાજા કોઈ કાયદો કરે તો પ્રજા તેની વિરુદ્ધ હીલચાલ કરી તેને રદ કરાવે. આ કાયદો પણ તેવો જ હતો. જ્યારે નમુચીએ બંધ ન કર્યો ત્યારે વિષ્ણુકુમારને છેલ્લો ઉપાય લેવો પડ્યો. નમુચી અભવ્ય જીવ હોવાથી તેનામાં મુનિઓ પ્રત્યે સ્વાભાવિક જ દ્વેષબુદ્ધિ હતી.

**પ્રશ્ન** ૩૪—દેરાસરોમાં આરસની અંદર સ્વસ્તિક ગોઠવવામાં આવે છે તેના ઉપર પગ મૂકીને ચાલવામાં કાંઇ બાધ ખરો ?

**ઉત્તર**—સ્વસ્તિક આઠ મંગલિકમાંહેનું એક મંગલિક છે. તે પ્રભુ પાસે આળેખાય છે, ધરાય છે, ભુંસી પણ નાંખવું પડે છે તેથી આરસમાં ગોઠવેલા સ્વસ્તિક ઉપર પગ મૂકવાથી બાધનો સંભવ નથી. તે કાંઇ પૂજ્ય વસ્તુ નથી.

**પ્રશ્ન** ૩૫—કોઇ ગામ કે શહેરમાં કોઇ મુનિ ચોમાસું રહેલ ન હોય તેવે પ્રસંગે શ્રાવક કલ્પસૂત્રનો બાળાવબોધ વાંચે છે તે શ્રાવક ઉપધાન વહેલો હોવો જોઇએ ?

**ઉત્તર**—એમાં ઉપધાન વહેલાની આવશ્યકતા નથી. ઉપધાન તો માત્ર ચૈત્યવંદનાને લગતા છ સૂત્રોના જ વહેવામાં આવે છે. આને માટે ઉપધાનની આવશ્યકતા નથી પરંતુ સદ્‌ગુણી, સદાચારી, વ્રતધારી હોવો જોઇએ. તે સાથે સારુ શુદ્ધ વાંચી શકે તેવો હોવો જોઇએ.

**પ્રશ્ન** ૩૬—જે દેરાસરમાં અનેક પ્રકારની આશાતનાઓ થતી હોય અને વારંવાર કહેવા છતાં તેનાં કાર્યવાહકો તે દૂર કરતા ન હોય તો તે દેરાસરે દર્શન કરવા જવાનું બંધ કરવામાં કાંઇ દોષાપત્તિ છે ?

**ઉત્તર**—દર્શન કરવા જવાનું બંધ ન કરતાં આગેવાનોને અનુકૂળ હોય એવા બીજા ભાઇઓના લક્ષમાં તે વાત ઉતારીને જેમ આશાતના દૂર થાય તેવો પ્રયત્ન કરવો. લાંબા દિવસના પ્રયત્નવડે જરૂર કાર્યસિદ્ધિ થાય જ છે. તેને માટે ધીરજ રાખવી.

**પ્રશ્ન** ૩૭—શ્રી મહાવીરપ્રભુના પગના અંગૂઠા ઉપર ગોવાળે અગ્નિ સળગાવીને ખીર રાંધી તો તેથી અંગૂઠો બળ્યો નહીં હોય ?

**ઉત્તર**—સહેજ બળ્યો હોય પણ પાછો તરતમાં જ અસલ પ્રમાણે થઇ જાય એવી એમના શરીરની પરિસ્થિતિ હોય છે.

**પ્રશ્ન** ૩૮—કોઇ નવો મુનિ સમુદાય આવે ત્યારે તેમને અચિત્ત જળ વહોરાવવા સારુ અનેક ઘરોએ આરંભ થાય છે અને જોઇએ તે કરતાં ઘણું પાણી ઉકળે છે. તે કરતાં અમુકને જ આદેશ આપવામાં આવે તો તેમાં ઘણું ઓછું પાણી ઉકળે.

**ઉત્તર**—એ સંબંધમાં વ્યવહારવિરુદ્ધ આદેશ આપવાનું મુનિથી બની શકે નહીં. શ્રાવકો ગમે તેમ ગોઠવણ કરે તો જુદી વાત છે.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુ
# ર્જ
# ન
# પ્ર * શ * સ્તિ

ઉપજાતિ

શ્લાઘા[1] કરું દુર્જન ! જો હું ત્હારી, અસત્ય તો [2]ભારતી થાય મ્હારી;
નિન્દા કરું તો તુજ ન્યાતમાંહી, ભળી જઉં તત્ક્ષણ હું ય આંહી ! ૧

પ્રશંસવાથી ન જરી ય રીઝે, નિન્દાથીં તો તું ખૂબ ખૂબ ખીજે;
નહિં પ્રશંસું નહિં તેમ નિન્દું, રખે ચખાડે તુજ રોષબિન્દુ ! ૨.

સ્વરૂપ છે યાદશ જેહ ત્હારું, કંઇ કહું તાદશ તેહ વારુ;
અશેષ તો શેષ[3] કહી શકે ના, ક્યાંથી કહો અન્ય કહી શકે આ ? ૩.

જે ' અસ્તિ ' ત્યાંથી કંઇયે ટળે ના, જે ' નાસ્તિ ' ત્યાંથી કંઇયે મળે ના;
વિજ્ઞાનવાદી પણ આ વદે છે, તું તો ખરે ! તેહથીં યે ચઢે છે ! ૪.

[4]ગવેષતો દોષ અદોષમાંથી, તું છિદ્ર શોધે ગુણ ગેહમાંથી;
પોરા તને દૂધમહીં જડે છે, તું આમ વૈજ્ઞાનિકથી વધે છે. ૫.

જે પારકો દોષ અણુ સમાન, દર્શાવે તું મેરુ સમો મહાન;
તું સૂક્ષ્મસંદર્શક યંત્ર જાણે ! છે ધન્ય ત્હારી પરસૂક્ષ્મતાને ! ૬.

જે અન્યના ગુણગણો વિશાળ, શશાંક શા નિર્મળ ને રસાળ;
[5]ગુણાંધદૃષ્ટિ તુજ તે ન દેખે, શું ઘૂડ [6]વ્યોમેંદ્રસ્વરૂપ પેખે ? ૭

ભૂલેચૂકે કોઇ કરે પ્રશંસ, તો શોધ તું ત્યાંથીંય દોષ અંશ !
નિન્દા કરે તો પછીં પૂછવું શું ? આથી વધારે કથવું બીજું શું ? ૮.

ઉત્કર્ષ બીજા જનનો નિહાળી, પ્રકર્ષ સૌજન્યતણો ય ભાળી;
ઇર્ષ્યાગ્નિથી તું મનમાં બળે છે, નિષ્કારણે મત્સર તું ધરે છે. ૯.

કુઠામ કે ઠામ ગણ્યા વિના જ, વર્ષાદ વર્ષે અહિં મેઘરાજ;
વનસ્પતિ સર્વ પ્રફુલ્લ થાય, કિંતુ જવાસો જ સુકાઈ જાય ! ૧૦.

૧ પ્રશંસા. ૨ વાણી. ૩ શેષ નાગ. ૪ શોધે છે. ૫ ગુણ પ્રત્યે આંધળી દૃષ્ટિ. ૬ સૂર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધા સમી સંતની વાક્યધારા, સદ્બોધ વૃષ્ટિ વરષે ઉદારા;
ન બોધનો અંકુર તુજ થાવે, પાષાણને પલ્લવ કેમ આવે ? ૧૧.

ઉદારને તો તું ઉડાઉ ભાખે, વાચાળ વક્તાજનને પ્રકાશે;
મહાત્મને વંચક તું ભણે છે, દંભી મહાસદ્ગુણીને ગણે છે. ૧૨.

પરોપકારી થઇને જ જાણે ! ખીસાતણો ભાર ઉતારવાને;
તું પારકાના ધનને હરે છે, તેથી ખરે ! કાતર શો ઠરે છે. ૧૩.

જો એક બાજુ પરમાન્ન હોય, અન્યત્ર વિષ્ટા પણ હોય જોય;
વિષ્ટા પ્રતિ ડુક્કર તો ઠરે છે, તેવી જ વૃત્તિ ખલ ! તું ધરે છે. ૧૪.

સ્વજ્ઞાતિના બાંધવ પેખતાં જ, સત્કાર આપે જયમ શ્વાનરાજ;
તેવી રીતે દુર્જન ! તું ય વર્તે, સમાન સર્વે વ્યવસાયી પ્રત્યે ૧૫

કોઇ તને શ્વાન સમો કહે છે, પરંતુ તેથી પણ તું વધે છે;
તે માત્ર અજ્ઞાત[1] પ્રતિ ભસે છે, તું જ્ઞાત[2] અજ્ઞાત પ્રતિ ભષે છે. ૧૬.

ને કોક તો કાક તને કથે છે, તું ક્યાંય તેથી ખલ રે ! ચઢે છે;
તે જ્ઞાતિ બોલાવી જ ખાદ્ય ખાવે, તું માત્ર [3]આત્મંભરિતા બતાવે. ૧૭.

તને કહે કોઈક [4]કાળસર્પ, તું તો હરે તેહતણો ય [5]દર્પ;
અન્યે કરેલા બિલ[6] સર્પ શોધે, તું તો સ્વયં છિદ્ર નવા વિશોધે. ૧૮.

મુગ્ધોરૂપી મીન ફસાવવાને, તે બાપડાના શિર રેંસવાને;
પ્રપંચજાળો બહુ તું બિછાવે, ધ્યાનસ્થ જાણે બકભક્ત થાવે ! ૧૯.

છે ચિત્ત ત્હારું પરદ્રવ્યરક્ત, ને નેત્ર હોયે પરસ્ત્રીપ્રસક્ત;
પ્રદુષ્ટ બુદ્ધિ પરદોષ શોધે, દુર્વૃત્તિથી કોણ તને નિરોધે ? ૨૦.

અનાર્ય કાર્યો કરતાં કદીયે, તું પાછી પાની ન કરે જરીયે;
તેથી ખરો શૂરવીરો તુંહી છે ! હે દુર્જનો ! ટેકધરો તુંહી છે ! ૨૧.

ત્હારા પ્રસંગે પણ દુઃખસંગ, આનંદરંગે થઇ જાય ભંગ;
ત્હારી અવજ્ઞા **મનનંદના** છે, તને સદા દૂરથી વંદના છે. ૨૨.

**ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા**

---

૧ અજાણ્યા. ૨ જાણીતા. ૩ પેટભરાપણું, સ્વાર્થીપણું. ૪ કાળો નાગ. ૫ ગર્વ. ૬ દર, છિદ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર–કૌશલ્ય

લેખક—મૌક્તિક

(૯૯)

**"ઘણા માણસો સુખની શોધમાં આખી દુનિયાને ફરી વળે છે, જ્યારે સુખ તો દરેકને સુલભ્ય છે. સંતુષ્ટ મન સર્વની ઉપર સુખ નાખે છે. સુખ વસ્તુ( પ્રાપ્તિ )માં નથી, વિચારમાં છે."**

**સુખની ચાવી** બહુ વિચિત્ર પ્રકારની છે. સુખ મેળવવાનાં વલખામાં માણસ લાંબી લાંબી મુસાફરી કરે છે, મોટી મોટી સફરો કરે છે, રાત–દિવસ કે ટાઢ–તડકો ન ગણતાં મોટી મજલો કરે છે અને અહીંતહીં ને સર્વત્ર સુખ મેળવવાના ફાંફાં મારે છે. એને પૈસાની પ્રાપ્તિમાં, મનોરથોની તૃપ્તિમાં, પદવીની પ્રાપ્તિમાં કે સ્થાનના સંસર્ગમાં દૂરથી સુખ દેખાય છે, પણ એ સુખની નજીક–સાધ્યની સન્મુખ પહોંચે તે પહેલાં તો તેનું સાધ્ય વધારે મોટું અને વધારે દૂર જ થતું જાય છે અને આજે લાખે તૃપ્તિ હોય તો પાંચે પંદરે દશ લાખે પણ એ ધરાતો નથી. મનોરથ ભટની ખાડ કદી પૂરાતી નથી, પૂરાણી નથી. આજનું સાધ્ય તે આવતી કાલનું આરંભબિન્દુ બને છે. ગમે તેટલી સ્ત્રી પરણે તો પણ એને સંતોષ થતો નથી અને ચાહે તેટલા બંગલા કે વાડી વજીફા મળે પણ એને નિરાંત થતી નથી. પછી એને એક જાતનો કિલષ્ટ નિર્વેદ થાય છે અને સમજાવા લાગે છે કે આ દુનિયામાં સુખ જેવી ચીજ છે જ નહિ. એને કોઈ રીતે અંતરની શાંતિ થતી નથી અને એ જેમ જેમ બાહ્ય પ્રાપ્તિમાં વધતો જાય છે તેમ તેમ એનો અંદરનો વલોપાત પણ વધતો જાય છે.

ખરી વાત એ છે કે સુખ પૌદ્ગલિક વસ્તુ કે બાહ્ય માન–સન્માનની પ્રાપ્તિમાં નથી. મોટા રાજમહેલોમાં વસનારને સુખે ઊંઘ આવતી નથી. સુખ તો અંતરનો વિષય છે, વિચારનો વિષય છે, આંતર માનસનો વિષય છે. પ્રાપ્તિના આનંદ કરતાં ત્યાગનો આનંદ વધારે જબરો–હજારોગણો છે, અને મનમાં લહેર હોય તો સાધારણ દડો જે મોજ આપે છે તે સોનાનો દડો આપી શકતો નથી. લેતાં આવડે તો આ સુખ પ્રત્યેક પ્રાણીને સહેલાઇથી મળી શકે તેમ છે. તેમાં શરત એક જ છે કે પોતાની વર્તમાન સ્થિતિમાં સંતોષ માનવો, સાદું જીવન જીવવાના કોડ સેવવા અને વિચારધારા ઉચ્ચ રાખવી. કોટ્યાધિપતિ શેઠ, સોદાગર કે રાજામહારાજા કરતાં વ્યવસ્થિત નાની ઓરડીમાં સંતુષ્ટ પત્ની સાથે રહેનાર ઘણી વાર વધારે સુખી હોય છે અને તેનું કારણ એ જ છે કે એને જે મળે તેમાં એને આનંદ છે અને એ નવાણુના ધક્કા પર ચડેલ નથી.

સુખનો આધાર મનના વલણ પર છે. સંતોષ સમાન સુખ નથી અને લોભનો છેડો નથી. અંદર શાંતિ ન હોય તો દોડાદોડી આખી જિંદગી સુધી કરવામાં આવે તેમાં કાંઈ વળે તેમ નથી. જેમ તૃષ્ણા વધારે તેમ માનસિક દરિદ્રતા વધારે એ સમજાય તેવી વાત છે. સંતુષ્ટ મન રાખવું એ મોટો યોગ છે અને દક્ષતાથી પ્રાપ્ત થઇ શકે તેવો સીધો સરળ એનો માર્ગ છે. **કુશળ** માણસ એની દ્વારા સુખ મેળવે છે.

---

"Some fellow travels the world in search of happiness when it is within the reach of everyone. A contented mind confers happiness upon all. Happiness does not consist in things, but in thoughts."

MRS. L. LAING. ( 10–8–36. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૦૦ )

## " તમારા પાડોશીને ચાહો, પણ તમારી વાડ તોડી નાખો નહિ."

વહેવારની વાત છે. ધારીએ કે બે ખેતરો પાડોશમાં આવેલાં છે. બન્નેની વચ્ચે વાડ છે. તમારા પાડોશી ખેતરવાળાને ચાહો, તેની સાથે પરિચય વધારો, તેને ખેતરે જાઓ, તેને તમારે ત્યાં તેડો–એ સર્વ સારી વાત છે; પણ તમારે તેની સાથે ગમે તેટલો ભાઇચારો હોય તો પણ તમારા અને તેના ખેતર વચ્ચે વાડ છે એને તોડી નાખો નહિ. અત્યારે ગમે તેટલો સંબંધ હોય અને તે ચાલુ રહે એમ સર્વ ઇચ્છે, પણ કાલની કોઇને ખબર નથી. કદાચ કોઇ કારણે તમારા પાડોશીની બુદ્ધિ ફરી કે તેનું અવસાન થયું તો તમારી અને તેની જમીન મુકરર કરનાર વાડનો નાશ કરવાને પરિણામે એવી અગવડભરેલી સ્થિતિ ઊભી થશે કે તમારા અત્યારના સંબંધ ઉપર પાણી ફરી વળશે.

આજના મિત્ર કાલે સામસામા થઇ જતા જોયા છે. ભાઇઓ જ્યારે લડે ત્યારે ગોળાનાં પાણી હરામ થતાં જોયા છે. અક્કલ વગરની લડાઇમાં ઘંટીના બે પડની અરધો અરધ વહેંચણી થતી અનુભવાય છે. એવા સંયોગો થાય એમ ઇચ્છીએ નહિ, પણ આવી પડે તેની શક્યતા માટે તૈયારી તો જરૂર રાખીએ. કોઇને પુસ્તક વાંચવા જરૂર આપીએ પણ તે પર આપણું નામ લખી રાખીએ, એટલે લઇ જનારમાં ગૃહસ્થાઈ હોય તો પાછું મોકલી આપે.

કુશળ માણસો લાંબી નજરે જોનારા હોય છે. એ કચવાટ, કંકાસ કે લડાઇ ઇચ્છે નહિ, પણ એ કદી થશે જ નહિ એવી માન્યતાના ધોરણે કદી કામ ન લે. દુનિયામાં વાડનો ઉપયોગ એક નથી. એનાથી બચાવ થાય છે, આક્રમણ અટકાવાય છે, મર્યાદાનો (હદનો) પુરાવો રહે છે અને જરૂર પડે તો ઘર સાચવીને બેસી શકાય છે. સ્વાર્થી થવું નહિ, પણ આપણી ઇચ્છા ન હોવા છતાં ભોળપણનો કોઇ ગેરલાભ લઇ જાય એવી સ્થિતિ પણ થવા દેવી નહિ. આપણી આંખ ઉઘાડી હોય અને કોઇ ગેરલાભ લઇ જાય તે જુદી વાત છે, પણ કોઇ આપણી આંખમાં ધૂળ નાખી જાય અને આપણને અક્કલહીન ગણે એ પરિસ્થિતિ **કુશળ** માણસની ન હોય.

દુનિયામાં બહુ શીખવા જેવું છે. અનુભવે ઘણી વધારે વાતો જણાય છે. કેટલીક વાર દંભી માણસો મોટી મોટી વાતો કરી આંજી દેવા પ્રયત્ન કરે છે. તે વખતે સાવધાન રહેવા માટે જરૂર છે કે બધી વાતો કરવી, પણ આપણું ગાડું સંભાળીને કામ લેવું. આગળ જતા પસ્તાવો થાય એમાં ડહાપણ નથી. પાયાનું ડહાપણ હોય તેની ખરી કિંમત છે. ભીંત સામે અફળાયા પછી અક્કલ આવે તે તો ગમારનું કામ છે. વ્યવહારમાં **કુશળ** માણસ હોય તો ભલે હજારોનું દાન કરે, પણ કોઇ તેની આંખમાંથી કણું કાઢી જાય એ તેને ન પાલવે. સમજણપૂર્વક વર્તે અને આક્રમણ કર્યા વગર પોતાના હક્કો ઉપર બારીક નજર રાખે.

" Love your neighbour, but pull not down your hedge. "

E. N. ( 5-11-3

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૦૧ )

**"મૂર્ખ સાથે કામ પડે તો તેને શાસન કરો, તેની સાથે દલીલ ન કરો; દલીલ કરવામાં તમારી મહેનત માથે પડશે અને કદાચ તમારો મિજાશ પણ ખોઇ બેસશો."**

અક્કલ વગરના ગમાર આદમી સાથે કામ પાડવામાં ભારે મુશ્કેલી પડે છે. **અક્કલ જેમ ઓછી તેમ મગરૂબી વધારે હોય** છે. સમજુ માણસને તો ગમ ખાતાં પણ આવડે, પણ મૂર્ખ હોય તે તો પોતાનું જ ગાણું ગાયા કરશે. તદ્દન મૂર્ખ હશે તો એના માનેલા સ્વર્ગમાં એ માણ્યા કરશે અને એને સમજાવવા ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે. તો પણ એ વધારે ને વધારે જક્કી બનતો જશે. એક સંસ્કૃત કથનમાં કહે છે કે 'પર્વત કે જંગલમાં જનાવર સાથે ભટકવું સારું, પણ ઇંદ્રભુવનમાં મૂર્ખ સાથેનો સંબંધ નહિ સારો.' એ વાત તો ખરી, પણ આપણને તો ઘણા મૂર્ખાઓ સાથે કામ પડે છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, પણ બધા માણસો બુદ્ધિશાળી હોતા નથી અને આપણે ભાગે સર્વ અક્કલવાળા કે વહેવારુ જ આવશે એમ ધારી લઇને આપણે કામ રોડવી શકીએ નહિ. ત્યારે મૂર્ખ માણસ સાથે કામ લેવાની યુક્તિ શોધવી ઘટે.

મૂર્ખ સાથે દલીલ કરીએ તો વખતનો નકામો વ્યય થાય છે. એ વહેવાર સમજે નહિ, તર્ક સમજે નહિ, દલીલો ધ્યાનમાં લે નહિ અને લાભાલાભના સરવાળા બાદબાકી કરી શકે નહિ. એ તો પોતાના નાના વર્તુળમાં મોજ માણ્યા કરે અને અક્કલ વગરની નાની વાતને અર્થ વગરની અગત્ય આપે. એવા માણસ સાથે કામ પાડવાનો એક જ રસ્તો છે. એના પર હુકમ જ કરવો, એને કહી દેવું કે આમ જ કરવું પડશે. એની સાથે તો દમ બાંધીને વાત કરવી અને ફટકારીને જ આજ્ઞા કરવી. એની સાથે કદી ચર્ચામાં કે દલીલબાજીમાં ઉતરવું જ નહિ. એની સાથેની દલીલમાં આપણો દમ નીકળી જાય અને એ તો પોતાની ધૂનમાં વધારે મસ્ત થઇને ફરે. એની નમાલી અથવા મીઠા વગરની દલીલ સાંભળીને તમે જવાબ પણ શો આપો? એવાની સાથે તો સરમુખત્યારની જેમ કામ લેવામાં આવે તો જ રસ્તો થાય. જો કે દમ બાંધીને કામ લેતી વખતે પણ પોતાની સજ્જનતા છોડવાની નથી, પણ વ્યવહારમાં રહેવું હોય તો તેની આંટીઘુંટી તો બરાબર સમજવી જ જોઇએ. ચર્ચા કરવા જતાં જ્યાં વખતની બરબાદી થતી હોય, આપણે ગરમ થઈ જઇએ એટલી ગરમી ચઢવાનો સંભવ હોય અને ચર્ચાનું પરિણામ કાંઇ દેખાતું ન હોય ત્યાં શાસન કરવામાં જ સાર છે. તમારે અંદરખાનેથી નરમાશ રાખવી, પણ વ્યવહારમાં તમારું સ્થાન બરાબર રાખવું હોય તો બહારથી જરા કડકપણું તો રાખવું પડે. આ બાબતમાં જે ગફલતીમાં રહે છે તેનો કાંઇ પડતો નથી, તેનું કામ થતું નથી અને તે પોતે જ આખરે મુંઝાય છે. **જ્ઞાન કદી નવ થાય, મૂરખને જ્ઞાન કદી નવ થાય; કહેતાં પોતાનું પણ જાય, મૂરખને જ્ઞાન નવ થાય'** એ અનુભવનું વ્યવહારવચન છે.

"If you are dealing with a fool, dictate, but never argue; for you will lose your labour and perhaps your temper." O. W. HOLMES (9-6-35)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुभाषितरत्नमंजूषा

परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखं ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥

જગતના જીવમાત્રને સુખની ચાહના છે અને સર્વ જીવોને દુઃખ અપ્રિય છે. આમ છતાં સુખ કે દુઃખની પ્રાપ્તિ કાંઇ તેના તાબાની વાત નથી, કારણ કે જીવોને સુખ કે દુઃખની પ્રાપ્તિ થાય છે તે તેના કર્માનુસાર જ પ્રાપ્ત થાય છે. એ અચળ એવો જૈન સિદ્ધાંત છે એટલે પૂર્વભવે બાંધેલા કર્મને અનુસારે આ ભવમાં જે કાંઈ સુખ કે દુઃખની પ્રાપ્તિ થાય તેમાં જીવનું જોર ચાલી શકે નહીં. જીવ કર્મ બાંધતી વખતે સ્વાધીન છે, ભોગવતી વખતે પરાધીન છે. જો બાંધતી વખત વિચાર રાખે અને ભોગવતી વખત મુશ્કેલી પડશે એ ભૂલે નહીં તો જીવ જરૂર ઓછાં કર્મ બાંધે અને જો એવી સાવચેતી રાખે તો જરૂર સુખની પ્રાપ્તિ વિશેષ અને દુઃખની પ્રાપ્તિ અલ્પ થાય.

ઉપર બતાવેલા શ્લોકમાં સુખ ને દુઃખની વ્યાખ્યા જુદા પ્રકારે જ આપેલ છે. તેમાં તો કહે છે કે—આ જીવને પરપુદ્ગળની સ્પૃહા-ઇચ્છા-વાંચ્છા તે જ મહાદુઃખ છે અને નિઃસ્પૃહતા-પરપુદ્ગળની અનિચ્છા તે જ મહાસુખ છે. એમાં પર શબ્દથી અન્ય મનુષ્યાદિની પાસેથી મેળવવાની ઇચ્છાનો પણ સમાવેશ કરવો અને તેની પણ સ્પૃહા ન કરવી. પોતાના આત્મબળ ઉપર જ ચુસ્ત રહી સુખ મેળવવાનો અને દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરવો. આ ઉપર બતાવેલ શ્લોકનું રહસ્ય છે.

આ જગતમાં જીવો સુખનું સાધન ધનને માને છે. તે ધન મળ્યા છતાં સુખ ન મળે, તે ધનને સુખના સાધનોમાં વાપરી ન શકે ત્યારે સમજવું તે ધનની વાસ્તવિક માલેકીમાં કાંઇક વાંધો છે. એક કવિ કહે છે કે:—

ધન મળ્યું ને સુખ ન મળ્યું, તેની કર્મની કુડલી કાણી;
ક્યાં તો ભાગ્ય કોકનું ભળ્યું, ને ક્યાં તો ખોટી કમાણી.

એટલે લાભાંતરાયના ક્ષયોપશમથી-લાભાંતરાય તોડેલ હોવાથી દ્રવ્ય મળે પણ જો ભોગાંતરાય તોડેલ ન હોય તો તે ભોગવી શકાય નહીં અને દાનાંતરાય તોડેલ ન હોય તો દાનમાં આપી શકાય નહીં. તેવે પ્રસંગે જરૂર સમજવું તે લક્ષ્મી કોઇ બીજાના ભાગ્યની છે અર્થાત્ તેનો ભોગવનાર કોઇક બીજો જન્મેલ છે. અથવા તે કમાણી જ ખોટી છે-માની લીધેલી છે અથવા ખોટે રસ્તે પ્રાપ્ત કરેલ છે કે જે સુખે ભોગવી જ ન શકાય આ બાબત સુજ્ઞજનોએ વિચારવા યોગ્ય છે. ટૂંકા શબ્દોમાં પણ આ પદ્ય સારો બોધ આપે છે. કુંવર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुभाषित रत्नमाला

## આટલું ન હોય ત્યાં ન વસવું

**यत्र विद्यागमो नास्ति, यत्र नास्ति धनागमः ।**
**यत्र चात्मसुखं नास्ति, न तत्र दिवसं वसेत् ॥**

**અર્થાત્**—જ્યાં વિદ્યાનું આગમન ન હોય, જ્યાં ધનનું આગમન ન હોય અને જ્યાં આત્મસુખ ન હોય ત્યાં એક દિવસ પણ ન વસવું.

ઉપરના શ્લોકમાં ત્રણ વસ્તુનો જ્યાં અભાવ હોય ત્યાં ન રહેવાનું સૂચવ્યું છે. તેને હવે પૃથક્ રીતે તપાસીએ.

વિદ્યા એ ગુપ્ત ધન છે. વિદ્યા એ પરમ સુહૃદ્ ( મિત્ર ) છે. વિદ્યા એ ચોર ચોરી ન શકે તેવું અને ભાઈઓ ભાગ ન પડાવે તેવું ઉત્તમોત્તમ ધન છે. રાજા તો પોતાના દેશમાં જ પૂજાય છે પરંતુ વિદ્વાન તો સર્વત્ર પૂજાપાત્ર બને છે. આવી જે ઉત્તમ વિદ્યા, તેનું આગમન જ્યાં ન હોય ત્યાં રહેવું તે મહાન્ લાભને હાથે કરીને જતો કરવા જેવું કાર્ય ગણી શકાય. તેથી સુજ્ઞ મનુષ્યનું એ કર્તવ્ય છે કે–પોતે જ્યાં વસે ત્યાં વિદ્યાપ્રાપ્તિના સાધનો જરૂર વસાવે.

બીજી બાબત ધનપ્રાપ્તિ વિષેની છે. દશ પ્રાણથી જીવન ટકી શકે છે, પરંતુ ધન એ અગિયારમો પ્રાણ ગણાય છે. સર્વ સાંસારિક કાર્યો અને મનના મનોરથ તેનાથી પરિપૂર્ણ થાય છે. યાવત્ ધાર્મિક કાર્યોમાં પણ તેની આવશ્યકતા રહે છે. તેથી જે સ્થાનમાં ધનાગમ ન હોય ત્યાં વસવાથી શું ફાયદો મળે? ધન માટે કહ્યું છે કે :—

**चांडालोऽपि नरः पूज्यो, यस्यास्ति विपुलं धनं ।**
**शशिना तुल्यवंशोऽपि, निर्धनः परिभूयते ॥**

**અર્થાત્**—પુષ્કળ દ્રવ્યવાન ચાંડાલ હશે તો પણ પૂજ્ય ગણાશે; જ્યારે ચંદ્ર તુલ્ય ઉજ્જ્વળ વંશવાળો મનુષ્ય પણ જો નિર્ધન હશે તો સર્વત્ર પરાભવ પામશે.

ત્રીજી બાબત છે આત્મસુખની. એ તો સ્પષ્ટ છે કે ગમે તેટલા દ્રવ્યની પ્રાપ્તિ થઈ હોય અને થતી હોય, દેશ–વિદેશમાં વિખ્યાતકારી એવી મહાન્ વિદ્યા પણ મળી હોય, સર્વ પ્રકારની સંપત્તિની વૃદ્ધિ થતી હોય છતાં પણ જો તે સ્થાનમાં આત્મસુખ ન મળતું હોય, આત્મશાન્તિનો અભાવ હોય, આત્મા સદા દુઃખાર્ત્ત રહેતો હોય તો તે સ્થાન શું કામનું? એ વિપુલ સમૃદ્ધિનું શું પ્રયોજન હોય ભલા? તેથી આત્મસુખની પ્રાપ્તિ વિનાના સ્થાનનો પણ ત્યાગ કરવો ઇષ્ટ છે.

ઉપર દર્શાવેલી એક એક બાબતોના અભાવવાળા સ્થાનનો ત્યાગ કરવો ઉચિત છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પછી જે સ્થાને આ ત્રણે બાબતોની પ્રાપ્તિ ન થઈ શકે તેમ હોય તેવા સ્થાનને તો સુભાષિતકારના વચન મુજબ સુજ્ઞ જનોએ–" **दूरतः परिवर्जयेत्** " દૂરથી જ તે સ્થાન વર્જવું.

* * *

**दानामृतं यस्य करारविन्दे, वाक्यामृतं यस्य मुखारविन्दे ।**
**कृपामृतं यस्य मनोरविन्दे, स वल्लभः कस्य नरस्य न स्यात् ? ॥**

**અર્થાત્**—જેના હસ્તકમળમાં દાનરૂપી અમૃત હોય, જેના મુખકમળમાં વાક્યરૂપી અમૃત ( સદ્‌વાક્ય–મિષ્ટ ભાષા ) હોય, જેના મનરૂપી કમળમાં કૃપારૂપ અમૃત વસતું હોય તે મનુષ્ય કોને પ્રિય ન થઇ પડે ?

સંસારથી નિસ્તાર થવા માટે ઉપકારી એવા શ્રી જિનેશ્વર ભગવાનોએ પ્રાણીઓને ચાર પ્રકારના ધર્મો દર્શાવ્યા છે. તેમાં પણ દાન ધર્મને પ્રથમ પદ આપેલ છે. તેના સિવાયના શિયલ, તપ અને ભાવ તો તેના કર્તાને જ તારે છે; જ્યારે દાન તો દાતાને તથા લેનારને એમ ઉભયને તારનાર છે. આવું દાન જેના હસ્તકમળમાં વર્તતું હોય તે મનુષ્ય જનવલ્લભ બને એમાં શું આશ્ચર્ય છે !

શાલિભદ્રજીના પૂર્વભવના ગોપબાળનું ક્ષીરદાન જાણીતું છે. શાલિભદ્રના ભવના દૈવી ભોગો એ દાનને જ આભારી છે.

જીર્ણશ્રેષ્ઠી માત્ર દાન આપવાની ઉગ્ર ભાવનામાં જ બારમા દેવલોકને પ્રાપ્ત કરે છે.

દાન પાંચ પ્રકારના છે : સુપાત્રદાન, અભયદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન. એ પાંચમાંથી પ્રથમના બે અતિ ઉત્તમ, વચ્ચેનું અનુકંપાદાન મધ્યમ અને છેલ્લા બે વ્યવહારિક છે. ગૃહસ્થોએ એ પાંચે પ્રકારના દાનને યથાશક્તિ વિવેકપૂર્વક સેવવા જોઇએ-આપવા જોઇએ. દાન માટે એક સ્થાને જણાવ્યું છે કે :—

**गौरवं प्राप्यते दानात्, न तु वित्तस्य संचयात् ।**
**स्थितिरुच्चैः पयोदानां, पयोधीनामधः स्थितिः ॥**

**અર્થાત્**—દાનથી ગૌરવ પ્રાપ્ત થાય છે પણ અર્થના સંચયમાત્રથી ગૌરવ મળતું નથી. મેઘ અમૃત સમાન જળ આપે છે તેથી તેની સ્થિતિ ઊંચે થઈ છે અને સમુદ્રમાં વિશાળ જળ હોવા છતાં તે ખારું હોઇ સૌને નિરુપયોગી હોવાથી સમુદ્રની સ્થિતિ ( સ્થિરતા ) નીચે થઈ છે.

મતલબ કે દાન એ સર્વ રીતે ઉન્નતિ કરાવનાર છે.

જેના મુખારવિંદમાંથી અમૃત સદૃશ વાક્યો સરતા હોય તે પણ કોને પ્રિય ન થાય? થાય જ. કોઇને અપ્રિય ભાષા પસંદ નથી હોતી, પરંતુ સૌ મિષ્ટભાષાના ગ્રાહક હોય છે. લોકો મધુરપ્રિય હોય છે તેથી તો શુક અને સારિકાની મિષ્ટ વાણી સાંભળવા સૌ આતુર હોય છે; જ્યારે શ્વાન, ગર્દભ કે વાયસના બેસુરા સ્વર કોઇને ગમતા નથી. વાજીંત્રના મીઠા સરોદાથી બાળક પણ રડતું બંધ રહી જાય છે. એ પ્રમાણે સર્વ ઉપર મિષ્ટતાનું સામ્રાજ્ય વ્યાપેલું છે. એટલે જે માનવ મિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી હશે, સત્યભાષી હશે તે સર્વત્ર જનપ્રિય થઇ પડશે એ નિઃશંક છે. દાન તો શક્તિશાળી જ આપી શકે છે, પરંતુ અમૃત સમાન વાક્યો બોલવા–હિત–મિત–સત્ય–મિષ્ટ ઇત્યાદિ ગુણયુક્ત બોલવાનું સૌને માટે શક્ય છે. અલબત્ત, કડવા ઉપર અપ્રીતિ કરનારી અને પરાપવાદ બોલનારી જિહ્વા ઉપર પૂર્ણ સાવચેતી રાખવી પડશે, પરંતુ અભ્યાસે સર્વ કાંઈ સુલભ છે.

હૃદયના ભાવને વહન કરનાર ભાષા છે તેથી એ જેટલી સુંદર હશે તેટલે અંશે તમારો માર્ગ ફૂલવાળો બનશે અને ભાષા જો કટુ અને અસત્ય તેમજ મર્મઘાતક, પારકા અપવાદવાળી ઇત્યાદિ દૂષણ યુક્ત હશે તો તમારો માર્ગ કાંટા વેરાયેલો બનશે; તેથી મુખારવિન્દમાંથી વાક્યામૃતના ઝરણા ઝરવા જોઇએ કે જેના પરિણામે લોકો તમારા તરફ સ્વયં આકર્ષાય.

જેના અંતઃકરણરૂપ સિંહાસન ઉપર કૃપા દેવી પ્રતિષ્ઠિત થયેલ હશે તે મનુષ્ય પણ સર્વ લોકોને પ્રિય થઇ પડશે એ ચોક્કસ છે.

પોતાના તાબાના નોકર–ચાકર–પશુ–પંખી ઇત્યાદિ ઉપર જેની સદા કૃપાદષ્ટિ–અમી-દષ્ટિ વર્તતી હોય, પોતાના સ્ત્રી, પુત્ર, લઘુભ્રાતા વિગેરે આપ્તજનો ઉપર પણ જે સદા પ્રસન્ન અને કૃપાવાન હોય, મિત્ર–સ્નેહી–સંબંધીની ઉપર પણ જે ઉદાર દષ્ટિવાળો હોય, રોષિત ઉપર પણ જે વિશાળ ચિત્તથી ક્ષમા આપી કૃપારૂપ અમૃત વરસાવનાર હોય તે મનુષ્ય સર્વ જનવલ્લભ થાય તે વાસ્તવિક જ છે.

ઉપરના ત્રણે ગુણો વસાવવા પ્રયત્ન કરવો એ સુજ્ઞનું કર્તવ્ય છે.

રાજપાળ મગનલાલ વ્હોરા

## જિન દર્શન મહિમા ફળ

( પદ્મપ્રભુકી પૂજા–એ દેશી )

ભવિ શ્રી જિનંદ પૂજા, પ્રીતે કરો પ્રાણી રે—ભ૦
જિનેશ્વર પૂજે ભાવે, ગીત ગુણ ગાવે ધ્યાવે;
શિવવધૂ વરે હરે ભવદુઃખ ખાણી રે. ભવિ૦ ૧
ફળ એક ઉપવાસ, ભવિજન લહે ખાસ;
જિનગૃહે જાવાતણી ઈચ્છા મન આણી રે. ભવિ૦ ૨
છઠ્ઠ ફળ પાવે ત્યારે, ઉઠત ઉમંગે જ્યારે;
જતાં માર્ગમાંહિ તપ અઠ્ઠમનું જાણી રે. ભવિ૦ ૩
જિન ચૈત્ય આવે પાસ, ફળ ચાર ઉપવાસ;
પ્રવેશ થવાનું ઉપવાસ પાંચ માની રે. ભવિ૦ ૪
મધ્ય મંદિરે જાણો, પક્ષફળ પ્રીતે માનો;
માસ ઉપવાસ મુખ દેખી જિન જ્ઞાની રે. ભવિ૦ ૫
અનુક્રમે જાણો એમ, જિનાગમે ભાખ્યું જેમ;
જિનવર સેવા ઝવેરાત નિજ દાની રે. ભવિ૦ ૬

ઝવેરચંદ છગનલાલ સુરવાડા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરૂષો

## અંતિમ રાજર્ષિ

( ૫ )

‘ પૂજ્ય ક્ષમાશ્રમણ, આપ સાહેબને અવંતિનગરીમાં પધારવાની ને આપના પવિત્ર પાદપદ્મથી એને પાવન કરવાની મારી નમ્ર વિનંતિ છે. ’

‘ ઓહો ! ત્યારે હું ધારું છું ત્યાંસુધી તમો પોતે જ એ પ્રાચીન પુરીના સ્વામી ચંડપ્રદ્યોત ને ? ’

‘ હા મહારાજ, અનુચરદ્વારા મને ખબર મળતાં જ હું જાતે આપશ્રીને વિનંતિ કરવા આવ્યો છું. ’

‘ રાજન્, મને આવવામાં કંઈ વાંધા જેવું ન જ હોઈ શકે. વળી અવંતિ અહીંથી દૂર પણ નથી, છતાં મારે શ્રીપાર્શ્વનાથ પ્રમુખ વીશ તીર્થંકરો જે પૂનિત સ્થાનમાં કૈવલ્યલક્ષ્મીને વર્યા છે યાને નિર્વાણ પામ્યા છે એવા સમેત-શિખર મહાગિરિના દર્શન કરવા છે એટલે મારો વિહાર એ તરફ ચાલુ રાખવાની જરૂર છે; તેથી હું માર્ગમાં આવતા ગામોમાં ન–છૂટકે જ રાત્રિ ગાળવા થોભું છું ને સવાર થતાં આગળ વધુ છું. ઇરાદાપૂર્વક મારો માર્ગ મોટા શહેરોમાંથી ન લેતાં નાના નાના ગામોનો ગોઠવ્યો છે. ’

‘ આમ તો આપશ્રીને યાત્રાએ જતાં વિલંબ કરાવવામાં હું નિમિત્ત કારણ ન જ થાત પણ મારા એક જરૂરી કાર્યની સિદ્ધિ આપના વરદ હસ્તે થાય તેમ હોવાથી મારો આગ્રહ છે આપશ્રીને ઉજ્જૈનીનાં ઉદ્યાનમાં આવ સિવાય નહીં જ ચાલે. શ્રીપાર્શ્વનાથ ટેકરીના ધ્યેયયુક્ત આપ સાહેબને અવંતિપાર્શ્વનાથના દર્શનનો લાભ દ્વારા પ્રાપ્ત થશે. આપ ખાત્રી રાખ કે આપને વધુ સમય નહિં રોકું. ’

‘ રાજન્, એવું તે કયું કાર્ય છે કે મારા હાથે જ સિદ્ધ કરાવવાની તને લગ લાગી છે ? ’

‘ ગુરુદેવ, આપ સરખા ચારિત્રસં મહાત્માને હાથે ઉત્તમ કાર્ય સિવાય બી તે શું સંભવે ? મેં જીવિતસ્વામી ય શ્રીમહાવીર પ્રભુની એક મૂર્તિ ભરાવી તેની પ્રતિષ્ઠા આપશ્રીને વરદ હસ્તે કરા વાની ઇચ્છા છે. પૂર્વે આપે પંચશૈલ દ્વીપ સ્વામીને એવી જ એક પ્રતિમાની પ્રતિ કરી આપી છે. આપશ્રીથી પ્રતિષ્ઠિત થ એ બિંબ આજે વીતભયપટ્ટણમાં ચમત્ક મનાય છે અને ભાવુક હૃદયો માટે યાત્ર ધામરૂપ બનેલ છે. ’

જીવિતસ્વામીનું નામ શ્રવણ ક જ મહાત્મા વિચારમગ્ન બન્યા. કેવળ આરિસામાં સારુંયે સ્વરૂપ હસ્તામલ દૃષ્ટિગોચર થયું. તેમણે મિષ્ટ ગી જણાવ્યું કે :

‘ ભૂપતિ, પ્રતિષ્ઠા પાછળનો હેતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી જણાતા. એક લલનાવડે પ્રેરાઈને તું આ કાર્ય સારુ આટલી હદે ઉત્કંઠિત થયો છો એમાં પ્રભુભક્તિનો અંશ કેટલો? અંતરનો ઉલ્લાસ કે ભાવનાનો ઝણઝણાટ શોધ્યો પણ જડતો નથી. રામાની આસક્તિથી જે કાર્ય માટે આજે તું આટલી આતુરતા સેવી રહેલ છે તે કાર્ય સારુ પંચગોલડીપવાસી દેવ જેવી ભાવના દાખવતા સોનુ ને સુગંધ મળ્યા જેવું ગણાય. તો જ ઉભય બિંબની પ્રતિષ્ઠા સરખામણીમાં સમાન કક્ષા ધારણ કરે.'

ચંડપ્રદ્યોત ભૂપ તો મહાત્મા સામું મીટ માંડી રહ્યો. પોતાની કામાસક્તિ વિષે સ્પષ્ટ લક્ષ ખેંચનાર આ સંત પ્રતિ અન્ય પ્રસંગ હોત તો જરૂર ગુસ્સો પેદા થાત પણ એ ક્ષણે તો બહુમાન ઉપજ્યું. હૃદયમંથન ચાલુ થયું. ચેટકતનયા સતી શિવા સરખી રાણી છતાં, લોલુપતાથી ખેંચાઈ, કેવળ હરિણાક્ષીઓના કારણે પોતે કેવા કેવા વિગ્રહ ખડા કર્યા હતા અને એમાં કેવી કેવી વિટંબણાઓનો સામનો કરવો પડેલો તે ભૂતકાળનું ચિત્ર દ્રષ્ટિ સામે ખડું થયું. પ્રતિષ્ઠાના આમંત્રણ પાછળ સ્વર્ણગુલિકાની આસક્તિ જ નગ્ન સ્વરૂપમાં દેખાણી, છતાં કામી હૃદયમાં આત્મકલ્યાણના અંકુરા ફુટવા સહજ ક્યાંથી હોય? વિષયાસક્ત આત્મા ભય અને લજ્જાથી વિહીન હોય છે.

'મહાત્મન્, આપે આંકેલું ચિત્ર સાચું જ છે. જેમ લંપટ કુમારનંદીને સોનું અવલંબન ફળશે તેમ મોડું વહેલું મને પણ ફળશે તો જ ખરું ને? દેહ પરની મમતા ત્યજી, સંસારના વિલાસોમાં અગ્નિ પ્રકટાવી, એ સર્વ સંગથી વિમુખ બની કેવળ અરણ્યવાસમાં મશગૂલ ને મસ્ત રહેનારને સંસારવાસની મધ્યમાં રહેનાર અને અહર્નિશ રમા અને રામાના ફાંસલામાં જકડાવાનો ભય જેના શિરે ઝઝૂમી રહ્યો છે એવા આત્માના કષ્ટનો આપ સરખા ત્યાગીને ખ્યાલ ન જ આવે. સ્નેહસૂત્રોના વળાંક કેવા વિષમ છે અને વિરહના તાપ કેવા ઉગ્ર છે એની પીડા અનુભવનારા જ જાણી શકે. મારા સરખા પ્રેમાતુરનું જીવન આપ સરખા સંયમીને જરૂર વિચિત્રતાભર્યું લાગે જ; પણ એ સંત, એ તરફ આપ આંખમીંચામણા કરી મારી પ્રાર્થના સ્વીકારો અને મને ઇચ્છિત કાર્યના માર્ગે સત્વર પ્રયાણ કરવા દો. વિયોગી આત્માઓના દુઃખો ત્યાગીથી ન સમજાય. ચક્રવાકીનું અંતર વાંચવા ચક્રવાક જ જોઈએ.'

'માલવપતિ, આ તું શું વદી રહ્યો છે? જગતના કોઈ ભાવો કેવળીની દ્રષ્ટિથી અદૃશ્ય નથી. મોહરાજાની કદર્થના ઓછીવત્તી તો સૌને ભોગવવી પડે છે. ત્હારા જીવન કરતાં પણ મારું જીવન એક કાળે વધુ અધમ માર્ગે વહી રહ્યું હતું.'

'મહાત્મા, આપ આ શું વદી રહ્યા છો? મારી મજાક તો....'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



' નૃપ, ઉતાવળા ન થા. સાંભળ:—

વિપ્રના પવિત્ર કુળમાં ઉત્પન્ન થયેલ હું વિધવા માતાની સતત પ્રેરણાથી જ્ઞાનાર્જન અર્થે પિતાના એક પંડિત મિત્રને ત્યાં ભણવા રહ્યો. પંડિતજીની સાધારણ સ્થિતિને લઇ મારે પેટપૂજા માટે એક શ્રીમંતને ઘેર જવું પડતું. ત્યાં રોજના સમાગમથી એક દાસી સાથે સ્નેહ બંધાયો. મારી તેમજ એ દાસીની યુવાન વય એટલે સ્વચ્છંદતા તો ખરી જ. એમાં મળ્યા એકાંતના પ્રસંગ! કહેવત છે કે–'કામદેવ અંગહીન છે, કિંવા પ્રેમ આંધળો છે' એમાં પૂર્ણ સત્ય ભલે ન હોય પણ સત્યાંશ તો છે જ. પ્રેમમાં કૃત્યાકૃત્ય પ્રતિ સાવ ઉપેક્ષા કરનાર જરૂર અંધના વર્ગમાં મૂકી શકાય. નર–નારીનો વધુ પડતો સંસર્ગ એ અગ્નિ સામે ઘી ધરવા જેવો છે. ભલેને પછી એ શિયાળવુ ઘી હોય! અહર્નિશ જ્ઞાનના સૂત્રોમાં રક્ત રહેનારો અને નીતિશતકના શ્લોકો કંઠાગ્રે રાખનારો હું દાસી સાથેની પ્રીતિમાં એ સઘળું ભૂલી જઇ કામક્રીડાના સાગરમાં અમર્યાદિતપણે વિહરવા લાગ્યો. મારી દશા વ્યસની કરતાં પણ બદતર થઇ પડી. ક્યારે નિશાના ઓળા ઉતરે અને અમારો યોગ થાય એ જ ચિંતન, મનન અને નિદિધ્યાસન કહું તો પણ ચાલે. ન કોઇ પૂછનાર કે ન કોઇ ટોકનાર. સહેલાણી જીવનમાં કેટલો ય સમય પસાર થઇ ગયો. વિમાસણની પળ આવી ત્યારે જ એનું સાચું ભાન થયું. એક દિવસ મારી પ્રેયસીએ કહ્યું કે–' સ્વામી, મને ગર્ભ રહ્યો છે અને માસ વધતાં ચાલ્યા છે તો આગામી સુવાવડ સારુ સ્થાન અને દ્રવ્યનો પ્રબંધ કરવો જરૂરી છે. આપે અત્યારથી જ એની ચિંતા કરવી જોઇએ.'

' એ શબ્દો સાંભળતાં જ મારા મગજમાં જબરો કંપ થયો. એક બાજુ વિદ્યાર્થી જીવન લાલ આંખ કરતું જણાયું અને બીજી તરફ દંપતી જીવનની ફરજ પોકાર પાડી રહી. પરદેશનો મામલો અને દુન્યવી અનુભવ વગરનો એક રંક વિદ્યાર્થી ધનને ક્યાંથી લાવે? ભલભલા એમ. એ. અને બી. એ. ને જે પ્રશ્ન મૂંઝવતો આજ દ્રષ્ટિગોચર થાય છે તે ગમે તે યુગમાં એક સરખો ગુંચવણભર્યો જણાય છે. હવે કરવું શું? એ પ્રશ્ન હૃદયને ડંખવા લાગ્યો. રાજન્, સ્ત્રી એ શક્તિનો અવતાર મનાય છે એ સાચું છે. ગમે તેવી સખત આપત્તિમાં પણ એની ધીરજ ઓસરતી નથી. કંઇ ને કંઇ માર્ગ એ શોધી લે છે જ. મારી પ્રિયાએ નગરના રાજાને આશીર્વાદ દઇ સોનામહોર પ્રાપ્ત કરવાનો રસ્તો દેખાડ્યો અને આમ ખરાબે ચઢેલું નાવ કાંઠે આવ્યું.

' રખેને કોઇ જલ્દી જઈ, આશીર્વાદ આપી પારિતોષિક મેળવી જાય એ ચિંતાએ મધ્યરાતને વીત્યા પૂરી પાંચ ઘડીયો પણ ન થઇ ને હું નીકળી પડ્યો. પ્રભાત કાળ થયો માની આશીર્વાદ દેવાની ધૂનમાં આસપાસ જોયું જ નહિ ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા એ વર્તાવથી પહેરેગીરના પંજામાં એક શકમંદ ઇસમ તરીકે સપડાવું પડ્યું. સવાર થતાં જ રાજાની સમક્ષ મને ખડો કરવામાં આવ્યો.

'સોનામહોરના સ્વપ્ન સેવતો હું નૃપ સમક્ષ સર્વ સાચે સાચું બોલી ગયો. સત્યનો સર્વદા જય છે એના પ્રત્યક્ષ પુરાવા તરીકે એ ભલા નરેશે સંતરીને હુકમ કર્યો કે-' મને રાજભંડારમાં લઇ જઇ સૂર્યાસ્ત સુધીમાં મારાથી ઉપાડી શકાય તેટલું ધન લઇ જવા દેવું.' રાજવી પ્રદ્યોત, અચાનક આ રમતા રામના ભાગ્યદ્વાર ઉઘડી ગયા. રખડતા રામ જોતજોતામાં લક્ષ્મીનંદન બની જવાના ચોઘડીઆ વાગી રહ્યા. મનરૂપી અશ્વે જોરથી દોડવા માંડ્યું. મનોરથ માળાની રચના ચિત્રપટની ફિલમ માફક લંબાવા માંડી. એક સોનામહોરની ઇચ્છાએ નીકળેલો હું ' પાંચ, પચાસ કે સો ' માં તો શી કરવા લાગ્યો! એટલા ધનવડે ન તો પૂરું ઘર મંડાય કે ન તો મારી પ્રિયતમાના કોડ પૂરી શકાય. બાળક માટે તો એટલામાં કંઇ જ ન નિપજે. મારી માફક શા સારુ મારો એ જન્મનાર બાલુડો દુઃખ વેઠે? એને ભણાવવા સારુ તો મારા મહેલે કાશીનો પંડિત આવવો જોઇએ. ને. હવે મારી પ્રિયા સંખ્યાબંધ દાસીઓની સ્વામિની ન સર્જાય તો થઇ જ શું ને! તો પછી મેં ધન લીધું ને ન લીધું સરખું જ ને! મરિચમાલિની (સૂર્ય)ના કિરણોનો વેગ વધતો ગયો તેમ મારી વિચારમાળા શતકો કુદાવતી ચાલી. સાથો સાથ જિંદગીના વર્ષોનો, એમાં માણવાના વિવિધ વિલાસોનો, થનાર પ્રજાના અધ્યયન અને લગ્નાદિ પ્રસંગના ખરચોનો અને એ બધાં ઉપરાંત સમાજ તથા દેશમાં અગ્રપદે આવી પંકાવાની અભિલાષાઓનો સરવાળો કરતાં ક્રોડ સોનામહોર તો વિસાત વગરની જણાઇ. આટલું તો અંદાજ હિસાબ ગણતા; બાકી ઘેર પ્રસંગ આવે ત્યારે લ્હાવો લેવા માંડતા અંદાજી બજેટ તો ક્યાંયે નામશેષ થઇ જાય છે અને ધાર્યા કરતાં બમણું કે ત્રણગણું વેતરાઇ જાય છે એ તો અનુભવસિદ્ધ વાત છે. આમ જ્યાં આંકગણનાના ઘેનમાં મનરૂપી ભ્રમર ચકાવા લેવા લાગ્યો ત્યાં તરણીના તેજ ઝાંખા થયાનો ખ્યાલ પણ ન રહ્યો. તૃષ્ણારૂપી ખાડી ઊંડી ને ઊંડી ઉતરતી ગઇ. સૂર્યાસ્તનો સમય આવી પુગ્યો. ભંડારીએ ખજાનાના કમાડ બંધ કરવાનો ઘંટ વગાડ્યો તો પણ મારાથી કેટલું દ્રવ્ય ઉપાડવું એનો નિશ્ચય ન થઇ શક્યો. કોઇ રીતે છેડો જ હાથ ન આવ્યો. એમ કરતાં અભ્યાસ પ્રસંગનું એક વાક્ય યાદ આવ્યું. લાભના વધવા સાથે લોભ પણ માઝા મૂકે છે, એ ટંકશાળી વચન મનમંદિરમાં ગુંજી રહ્યું. તરત જ વિમર્શપરામર્શના ચક્રો ગતિમાન થયા. વિચારસરણીનો વેગ વધ્યો. પૂર્વ જીવન સ્મૃતિપટમાં તાજું બન્યું. 'હું કોણ? મારું શું ધ્યેય? અને અત્યારે હું ક્યાં ઉતરી

For Private And Personal Use Only

પડ્યો ? ' એ પ્રશ્ન વિચારણા ખડી થઈ. ત્યાં તો દ્વારરક્ષકનો સ્વર કાને પડ્યો. 'મહારાજ, લેવું હોય તેટલું લઈને ચાલો.'

હું પણ 'હા, ચાલો' કહેતો કે નીકળી પડ્યો.

'અરે કંઇ લીધું નહીં ?'

'મહાનુભાવ, ઘણું લીધું. મહારાજ પદવીમાં શું નથી સમાયું ? બાકી આ તો

**जहा लाहो तहा लोहो,**
**लाहालोहो पवड्ढइ ।**
**दोमासाकनयकज्जं,**
**कोडीए वि न तुट्टई ॥**

ખેલ ખલાસ. વિદ્યુતના એક આંચકે ઝણઝણાટ પ્રગટે તેમ જીવનની દિશા ફેરવાઇ ગઈ. સર્વત્ર ભય, શોક અને અસ્થિરતાના દર્શન થયા. 'एकोऽहं, नत्थि से कोई' સૂત્રના અવલંબને સીધી અધ્યયની વાટ પકડી. પુષ્કળ મનન ને ચિંતનવડે કૈવલ્ય પ્રગટાવ્યું.

'બાલવેશ, સોનામહોરનો ઇચ્છુક ને દાસીનો પ્રેમી દ્વિજ કપિલ તે હું પોતે જ. નસીબના સિતારાએ કૈવલ્ય પમાડ્યું; તેથી જ અનુભવના ઉદ્ગારોવડે ભાવી પ્રલોભનમાં ન લોભાતા, સાચો રાહ લેવા દીપિકા ધરું છું.

આખરે તો જેવી ભવિતવ્યતા!

જો કે શ્રી મહાવીરને તો આજે ગૃહસ્થાવાસ ત્યજી ગયાને વર્ષોના વહાણા વાયા છે છતાં જીવિતસ્વામીરૂપે પ્રતિષ્ઠિત કરવામાં હું તો તૈયાર જ છું.'

**ચોકસી**

# श्री चंद्रप्रभु जिन स्तवन

રાગ—રામગ્રી.

શ્રી ચંદ્રપ્રભુ જિનરાજ રાજે, વદન પૂનમ ચંદ રે;
ભવિક લોક ચકોર નિરખત. લહે પરમાનંદ રે. શ્રી ચંદ્ર૦ ૧

મનમહે મહિમાએ જસભર. સરસ જસ અરવિંદ રે;
રણઝણે કવિજન ભમર રસિયા. લહી સુખ મકરંદ રે. શ્રી ચંદ્ર૦ ૨

જસ નામે દોલત અધિક દિપે, ટાળે દોહગ દંદ રે;
જસ ગુન કથા ભવવ્યથા ભાંજે, ધ્યાન શિવતરુ કંદ રે. શ્રી ચંદ્ર૦ ૩

વિપુળ હૃદય વિશાળ ભુજ યુગ, ચલિત ચાલ ગયંદ રે;
અતુલ અતિશય મહિમા મંદિર, પ્રણત સુરનર વૃંદ રે. શ્રી ચંદ્ર૦ ૪

મેં દાસ ચાકર પ્રભુતેરો. શિષ્ય તુજ ફરજંદ રે;
જસવિજય વાચક એમ વિનવે, ટાળો મુજ ભવફંદ રે. શ્રી ચંદ્ર૦ ૫

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્ત્રી સમાજ યાને સ્ત્રી કેળવણી

આજે સ્ત્રી સમાજનો ઉત્કર્ષ સાધવાને માટે દરેક પ્રકારે પ્રયત્નો થઇ રહેલ છે પરંતુ ઉત્કર્ષ કે ઉન્નતિ કેવા પ્રકારનાં સાધનોવડે સધાય તે હજુ વિચારાયું નથી. ઠેર ઠેર મહિલા મંડળો, કન્યાશાળાઓ, આશ્રમો સ્થાપન થયાં પણ હજુ જે વેગવંત ને ધગશપૂર્વક શિક્ષણ આપવું કે અપાવવું જોઇએ તે અપાતું નથી અને જ્યાંસુધી યોગ્ય પદ્ધતિ વિના ફક્ત વાંચવા-લખવાના ઈરાદાથી સ્ત્રી શિક્ષણ અપાય છે અને અપાશે ત્યાંસુધી સમાજની, દેશની કે પોતાના બાળકની ઉન્નતિની આશા રાખવી તે વ્યર્થ છે.

આજે સ્ત્રી સમાજ વધુ ને વધુ કઢંગી પરિસ્થિતિમાં મુકાતો જાય છે તેનું મુખ્ય કારણ સ્ત્રી ઉપયોગી શિક્ષણની ખામી યા તો ન્યૂનતા છે તે આપણે બધાયે સારી રીતે જાણી ચૂકયા છીએ, પરંતુ એ કઢંગી સ્થિતિનું પરિવર્તન કરવા આપણે કે બીજા અનુભવી ને વિચારશીલ માણસો પણ ભાગ્યવંત બન્યા નથી. આપણે બધા સમજીએ છીએ કે ઘરના એક માણસથી માંડી આખા સમાજની ઉન્નતિ કે અવનતિ સ્ત્રી જાતિ પર અવલંબી રહી છે—પછી સ્ત્રી સમાજ ઉન્નતિના શિખર ઉપર આરૂઢ હોય કે અવનતિના શિખર પર આરૂઢ હોય. જેવું બી તેવું ફળ એમાં શંકા કે સંદેહને સ્થાન જ નથી.

આજની જનેતાઓ પોતાની કુમળી બાળાઓને અજ્ઞાનતાના અંધારામાં રાખવામાં હિત માની રહેલ છે એટલે જેનો મૂળ પાયો કાચો તેનું મકાન પણ કાચું સમજવું. એક વખતની વીરાંગનાઓ યાને સતીઓ પોતાને સબળા કહેવરાવવામાં ગૌરવ અને અભિમાન લેતી હતી ત્યારે આજે તો અબળાઓ નજરે પડે છે. આનું કારણ શું? એનો જરા ય વિચાર જનેતાઓએ કર્યો છે? જવાબમાં ના, તો તેનું જ આ પરિણામ! શાણી માતા સો શિક્ષકની ગરજ સારે પણ તે ક્યારે? જ્યારે સ્ત્રી ઉપયોગી ધર્મ જાણતી હોય ત્યારે જ, તે વિના તો માતા સો શત્રુઓની ગરજ સારે છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. એક વખતે સતીઓ, શાણી જનેતાઓ અને વીરાંગનાઓથી આ ભૂમિ શોભી રહી હતી ત્યારે એ જ ભૂમિને આજે ભારરૂપ થઇ પડી છે તેનો જરા પણ ખ્યાલ કર્યો હોય એમ લાગતું નથી.

સ્ત્રીઓ પણ આંગ્લભૂમિનું અનુકરણ અને કેળવણી મેળવી રહી છે. તેના અંધ અનુકરણે સ્ત્રી સમાજમાં કેવી બદીઓ વાસ કરીને રહેલ છે તે જરા વિવેકરૂપી ચક્ષુ ખોલી વિચાર કરે તો સ્વયં ભાન થયા વિના નહિં રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરદેશી કેળવણીના સાથમારીમાં નીતિ અને સ્ત્રી યોગ્ય આચાર-વિચારનો હેતુ પણ નેવે મૂકાયો છે. આજે તેનું અનિષ્ટકારી પરિણામ પ્રાયઃ કરી આખા ય સ્ત્રી સમાજને ભોગવવું પડે છે.

સમાજનો ઉદ્ધાર બહુધા સ્ત્રીઓ પર અવલંબી રહેલ છે એમાં કોઇના બે મત ન હોય, પરંતુ સાચી કેળવણી સિવાય પ્રત્યક્ષ ને પરોક્ષ નુકશાન અનુભવી રહ્યા છીએ. જનેતાઓ એ પર ધ્યાન આપે તો દેશ વા સમાજની ઉન્નતિ નજીકમાં જ છે. તેના માટે ફ્રાંસનો વીર સેનાપતિ નેપોલિયન બોનાપાર્ટ ઠીક જ કહે છે કે:—

**કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;**
**સરસ રીત તો એ જ કે, દ્યો માતાને જ્ઞાન.**

પણ ભૂલવું જોઇતું નથી કે નેપોલિયને પણ જ્ઞાન આપવાનું સૂચન કર્યું છે; નહિં કે અજ્ઞાન. આજે તો જે સ્ત્રીઓ કેળવણીને નામે અજ્ઞાન જેવું ગોખણીયું જ્ઞાન મેળવી રહી છે તેની પાસેથી કંઇ પણ વધારે આશા રાખવી તે વ્યર્થ લેખાય. જે કેળવણીથી નમ્રતા, સેવાભાવ, માધુર્યતા અને યોગ્ય લજ્જા પ્રાપ્ત થવી જોઇએ તેના બદલે તે બધું નષ્ટ થવા પામ્યું છે. ઊલટું સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતાનો પ્રચાર વધારે માલૂમ પડે છે. જે શિક્ષણવડે ભાવી ન ઘડી શકાય ને પોતાનું પેટ ભરવા જેટલીયે શક્તિ પેદા ન થાય તો પછી તે શિક્ષણ કામનું શું ?

ગુણની સમાનતા વિના સાંસારિક જીવન સુખમય નિવડ્યું નથી, નિવડતું પણ નથી તે આપણે પ્રત્યક્ષ અનુભવી રહ્યા છીએ; છતાં હજુ દરેક કાન આડા હાથ દઇ બેઠા છીએ. શું એવી માન્યતા તો નહિં હોય કે ભણાવવાથી કન્યાઓ ઉચ્છ્રંખળ બની જાય ? પણ એ માન્યતા બિનપાયાદાર અને સાચા માર્ગવિહોણી છે. જો આપણે તેવું માનીએ તો પૂર્વે થઇ ગયેલી સતી વીરાંગનાઓનું આજે પણ સ્મરણ કરીએ છીએ તે કોને આભારી છે ? કહેવું જ પડશે કે તેઓના જ્ઞાનને. બધામાંથી એક જ દાખલો લઇએ કે સતી સુભદ્રા ઉપર તેની સાસુએ કલંક મૂકવા છતાં, તેના પર દ્વેષ ન કરતાં પોતાના જ્ઞાનબળથી દેવીને આરાધી પોતાનું સતીત્વ સિદ્ધ કર્યું. જો સતી સુભદ્રાની અંદર જ્ઞાન ગુણ ન હોત તો કોઇ અનેરું જ પરિણામ આવત. આવા આવા તો અનેક દાખલાઓ મોજુદ છે અને તે દરેક સત્ય જ્ઞાનને જ આભારી છે. સ્ત્રી સમાજને સુધારવા ઇચ્છા હોય તો સ્ત્રી ઉપયોગી શિક્ષણ પ્રથમ હાથ ધરવું પડશે. ફક્ત વિચારણા કર્યા કરવાથી કાર્ય સધાતું નથી. વ્યવહારુ રૂપ અપાવું જોઇએ. શાસનદેવ તે સંબંધી સર્વને સદ્બુદ્ધિ અર્પો

સોમચંદ ડી. શાહ-ઝીંઝુવાડાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૯૩ ના જેઠ માસની પત્રિકા નં. ૪૦

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ—પાલીતાણા.

( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદ ૧૦ )

**ધાર્મિક પ્રવૃત્તિઓ:**—નિયમાનુસાર સામાયિક, પ્રતિક્રમણ, ગુરુવંદન, છ વિગયનો ત્યાગ વગેરે ધાર્મિક પ્રવૃત્તિઓ થઇ હતી. જેઠ શુદ ૧૧ ના ભીમ અગ્યારસ હોવાથી બધા વિદ્યાર્થીઓ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાએ ગયા હતા.

**મુલાકાતો:**—શેઠ પોપટલાલ હાથીભાઇ ડીસા, ભભૂતમલ ખાસાજી દેવદલ, બુલાખીદાસ કાળુરામ હીંગણઘાટ, શેઠ જીવનચંદ ચુનીલાલ સુરત, શેઠ મણિલાલ ડોસાભાઇ લીંબડી, શેઠ હરિલાલ લલ્લુભાઇ અમદાવાદ, શેઠ પોપટલાલ ધનજી વેરાવળ, શેઠ કેશવલાલ છગનલાલ અમદાવાદ, શેઠ કાન્તિલાલ છગનલાલ અમદાવાદ, શેઠ ગુલાબચંદ બાલુભાઇ સુરત, શેઠ ઇશ્વરલાલ ત્રિભુવનદાસ, શેઠ છોટાલાલ સુરચંદ ઊંઝા, શેઠ રતિલાલ મોહનલાલ અમદાવાદ, શેઠ ધીરજલાલ પ્રતાપચંદ રાધનપુર, શેઠ કાન્તિલાલ કેશવલાલ અમદાવાદ, શેઠ મૂળજી ન્યાલચંદ, શેઠ રતિલાલ વેલચંદભાઇ ભાવનગર, શેઠશ્રી ચુનીલાલ મહાસુખભાઇ, શેઠ નાનચંદ આણંદજી ભાવનગર, શેઠ જમનાદાસ અમરચંદ ભાવનગર, શેઠ અમરચંદ કુંવરજી ભાવનગર.

**વિવાદ સભાઓ:**—

**અંગ્રેજી:**—1. Harijan    2. Student life

**ગુજરાતી:**—

૧ પર્યટન. ૨ ગ્રામ્ય સુધારણા સમિતિ. ૩ વિદ્યાર્થી જીવન.

**જેઠ માસની આવક:**—

| | |
|---|---|
| ૧૨૨–૮–૦ | શ્રી નિર્વાહ ફંડ ખાતે |
| ૧૧–૦–૦ | શ્રી વાર્ષિક મદદ ખાતે |
| ૧૪૨–૦–૦ | શ્રી ભોજન ફંડ ખાતે |
| ૨૬–૦–૦ | શ્રી કેળવણી ફંડ ખાતે |
| ૨૫૧–૦–૦ | શ્રી સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે |
| ૧૧–૫–૦ | શ્રી દેરાસરજી ખાતે |
| ૫૬૩–૧૩–૦ | |

**મિષ્ટભોજન:**—

| | |
|---|---|
| શેઠ પીતામ્બર વસનજી–વેરાવળ | જેઠ શુદિ ૧૦ |
| શેઠ ભભૂતમલ ચમનાજી પુનમાજી–હરજી | જેઠ શુદિ ૧૧ |
| શેઠ માણેકલાલ મનસુખભાઇ–અમદાવાદ | જેઠ શુદિ ૧૧॥ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| શ્રી મદ્રાસ દેરાસર પંચમહાજન તરફથી–મદ્રાસ | જેઠ શુદિ ૧૩ |
| શેઠ માણેકચંદ ગુલાબચંદ–કુંડલા | જેઠ વદિ ૧૦ |
| શેઠ ફુલચંદ રાયચંદ દેવચંદ–કાલીયાવાડી | જેઠ વદિ ૦)) |

ભેટ:—

શેઠ ફકીરચંદ કેશરીચંદ ભાણાભાઇ તથા શેઠ નાથાલાલ ખુમચંદ ગામ મુંબઇ ૧ કક્કાવલિ સુબોધ, ૩ ભજનપદ સંગ્રહ ભા. ૯–૧૦–૧૧, ૧ ગહુંલી ભા. પેલો, ૧ તત્ત્વજ્ઞાન દીપિકા, ૧ મુદ્રિત જૈન શ્વેતાંબરાદિ ગ્રંથ નામાવલિ, ૧ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સ્મારક ગ્રંથ, ૨ પત્રસદુપદેશ ભા. ૨, ૧ ગહુંલી સંગ્રહ ભા. ૧–૨, ૧ શ્રીમદ્ દેવચંદ્રજી જીવનચરિત્ર, ૧ ચિંતામણિ, ૨ જૈન તત્ત્વાદર્શ ઉત્તરાર્દ્ધ તથા પૂર્વાર્દ્ધ, ૧ ઇશાવાસ્યોપનિષદ્, ૧ ધ્યાનવિચાર, ૧ શુદ્ધોપયોગ વિ. ગ્રંથ ૪, ૧ શ્રી સંઘકર્તવ્યાદિ ગ્રંથ, ૧ સત્યસ્વરૂપ, ૧ પૂજાસંગ્રહ, ૧ સ્તવન સંગ્રહ, ૧ તત્ત્વવિચાર, ૧ જૈનને ખ્રીસ્તિ ધર્મનો મુકાબલો અને સંવાદ, ૧ જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ, ૧ તીર્થયાત્રાનું વિમાન, ૧ આત્મશક્તિ, ૧ અધ્યાત્મ ગીતા. કુલ ૨૯) પુસ્તકો.

શ્રી જૈન યુવક સંઘ વડોદરા ૧ વીરવિભૂતિ, ૨ દીક્ષા અધિકાર દ્વાત્રિંશિકા.

શેઠ નાનજીભાઇ શામજીભાઇ ભાવનગર ચોખા ગુણ ૨) મણ ૭॥, ૭॥ શેર.

જરૂરીયાતો:—

૧ સ્વામિવાત્સલ્યની કાયમી તિથિઓ.

૨ શ્રી દેરાસરજી તથા લાયબ્રેરી માટે કબાટો.

૩ સંસ્થા માટે એક સ્વતંત્ર વ્યાયામશાળા.

સમાજના દાનવીરોને સંસ્થાની ઉપર મુજબ જણાવેલ જરૂરીયાતો પૂરી પાડવા માટે પોતાનો ઉદાર હાથ લંબાવવા નમ્ર વિનંતિ છે.

**જયભારત**—શેઠશ્રી વીરજીભાઇ ભીમશી ગામ કચ્છ–બીજડાવાળા તરફથી 'જયભારત' દૈનિક છાપું શરૂ થયું છે.

**મુનિમહારાજનું સ્વાગત:—**

અત્રે ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિ મહારાજશ્રી ન્યાયવિજયજી મહારાજ જેઠ વદિ ૭ ને બુધવારના પધારતાં શ્રી સમસ્ત ગામ તરફથી સામૈયું થ[illegible] બાલાશ્રમના વિદ્યાર્થીઓ સામૈયામાં ગયા હતા. જેઠ વદિ ૧૨ ને સોમવારને રોજ મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજે બાલાશ્રમમાં પધારી 'વિદ્યાર્થી જીવન ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ગણિતાનુયોગને લગતી જરૂરી હકીકત
# જૈન ગણિત વિચાર

જૈન સિદ્ધાંતમાં જણાવેલ પરિધિ વિગેરે આંક ગણિત ઘણા વિસ્તાર સાથે વર્ણનના અંકપૂર્વક બતાવવામાં આવેલ છે. પાછળના ભાગમાં ધાતકીખંડ તેમજ પુષ્કરાવર્ધ અને સૂર્ય-ચંદ્રની ગતિને લગતી હકીકતોનો સમાવેશ કર્યો છે. બુક ઘણા જ શ્રમપૂર્વક તૈયાર કરવામાં આવી છે. આવી બુકને અપૂર્વ કહીએ તો પણ ચાલે. ખાસ ઉપયોગી છે. વિશેષ ખાત્રી બુક જોઈને કરો. કીંમત માત્ર ૭ આના.

લખોઃ—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

---

# ખાસ ખરીદવા લાયક પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ધર્મરત્ન પ્રકરણ ભાગ પહેલો ને બીજો. દરેકના | ૨–૦–૦ |
| ૨ | શ્રી હરિવિક્રમ ચરિત્ર પદ્યબંધ સંસ્કૃત. | ૨–૦–૦ |
| ૩ | શ્રી પાંડવચરિત્ર ( મલ્લધારી દેવપ્રભસૂરિકૃત ) ભાગ ૧–૨ દરેકના | ૪–૦–૦ |
| ૪ | શ્રી ઉપાસગદશાંગ સૂત્ર મૂળ, મૂળનો અર્થ ને ટીકાનો અર્થ | ૨–૦–૦ |
| ૫ | શ્રી શાંતસુધારસ ભાષાંતર. વિવેચન યુક્ત. ભાગ ૧ લો ( લે. મૌક્તિક ) | ૧–૦–૦ |
| ૬ | શ્રી ચોસઠપ્રકારી પૂજા અર્થ વિવેચન કથાઓયુક્ત | ૧–૦–૦ |
| ૭ | શ્રી જ્ઞાતાધર્મકથાસૂત્ર મૂળ. મૂળ ને ટીકાનો અર્થ. ભાગ ૧–૨ દરેકના | ૪–૦–૦ |
| ૮ | શ્રી અંતગડદશાંગ તથા અનુત્તરોવવાઈ સૂત્ર મૂળ–અર્થયુક્ત | ૧–૮–૦ |
| ૯ | શ્રી નિરયાવલી સૂત્ર ( પાંચ ઉપાંગ ) મૂળ અર્થ વિગેરે યુક્ત | ૧–૮–૦ |
| ૧૦ | શ્રી તપગચ્છશ્રમણવંશવૃક્ષ. અનેક હકીકતોથી ભરપૂર | ૧–૦–૦ |
| ૧૧ | શ્રી બૃહતસંગ્રહણી પ્રકરણ. મૂળ–અર્થ–વિવેચનયુક્ત | ૧–૦–૦ |
| ૧૨ | શ્રી હેમચંદ્રાચાર્યચરિત્ર ( લેખક–મૌક્તિક ) | ૦-૧૨-૦ |
| ૧૩ | શ્રી વર્ધમાનદેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે. ભાગ ૧ લો. રૂા. ૩) ભાગ ૨ જો રૂા. ૨) | |
| ૧૪ | સુભાષિતપદ્યરત્નાકર. અર્થસહિત ભાગ ૧–૨ દરેકનો | ૧–૪–૦ |
| ૧૫ | પ્રકરણરત્નસંગ્રહ ( પંદર પ્રકરણો સાર્થ ) | ૧–૪–૦ |
| ૧૬ | સાદા ને સરલ પ્રશ્નોત્તર ભાગ ૧–૨ દરેકના | ૦–૫–૦ |
| ૧૭ | શ્રાવકના પાક્ષિક અતિચાર સાર્થ | ૦–૨–૦ |
| ૧૮ | જૈન કથા સંગ્રહ ( ૨૫ કથાઓ ) | ૦–૫–૦ |
| ૧૯ | શ્રી પીસ્તાલીશ આગમની પૂજા ( વિસ્તૃત હકીકત, અર્થ સહિત તેમજ કથા સાથે ) | ૦–૨–૦ |
| ૨૦ | શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ( અર્થ યુક્ત ) | ૦–૨–૦ |
| ૨૧ | શ્રી અષ્ટપ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦–૧–૬ |
| ૨૨ | શ્રી સાધારણ જિન પંચ કલ્યાણક પૂજા ( પં. રૂપવિજયકૃત ) સાર્થ | ૦–૨–૦ |
| ૨૩ | શ્રી નવપદજીની પૂજા ( નવપદ આરાધનની વિસ્તૃત વિધિયુક્ત–ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત ) | ૦–૩–૦ |
| ૨૪ | સંવેગમાળા ( પ્રભાવના માટે ઉપયોગી ) અર્થ સહિત | ૦–૨–૦ |
| ૨૫ | પંચ પ્રતિક્રમણ મૂળ ( નવી આવૃતિ ) | ૦–૭–૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## નીચે જણાવેલા તમામ પુસ્તકો શ્રી જૈનધર્મ પ્રસારક સભામાંથી મળી શકશે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રીદશવૈકાલિક સૂત્ર (શ્રીજિનદાસગણિકૃત ચૂર્ણિ, શ્રીભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિયુક્ત) | ૪–૦–૦ |
| ૨ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ( શ્રી જિનદાસગણિકૃત ચૂર્ણિયુક્ત ) | ૪–૦–૦ |
| ૩ | શ્રી લલિતવિસ્તરા ( શ્રી હરિભદ્રસૂરિકૃત ) સટિપ્પન | ૦-૧૦-૦ |
| ૪ | તત્ત્વતરંગિણી ( ઉ. ધર્મસાગરજીકૃત ) તિથિનિર્ણય | ૦–૮–૦ |
| ૫ | બૃહદ્ સિદ્ધપ્રભા વ્યાકરણ | ૨–૮–૦ |
| ૬ | મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૧૨-૦ |
| ૭ | શ્રી આચારાંગસૂત્ર વૃત્તિઃ ( શીલાંકાચાર્યકૃત ) [ ભાગ ૧ લો, ૨ જો. સંપૂર્ણ ] | ૭–૦–૦ |
| ૮ | શ્રી ભગવતીસૂત્ર (શ્રી દાનશેખરસૂરિકૃત ટીકાયુક્ત) | ૫–૦–૦ |
| ૯ | પુષ્પમાળા ( ઉપદેશમાળા ) મલધારી શ્રી હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત | ૬–૦–૦ |
| ૧૦ | શ્રી તત્ત્વાર્થ સૂત્ર સભાષ્ય ( હારિભદ્રી ટીકાયુક્ત ) | ૬–૦–૦ |
| ૧૧ | પર્યુષણા દશશતક સટીક ( ઉ. ધર્મસાગરગણિવિરચિત ) | ૦-૧૦-૦ |
| ૧૨ | બુદ્ધિસાગર ( સોની સંગ્રામસિંહવિરચિત ) | ૦–૩–૦ |
| ૧૩ | શ્રી વિશેષાવશ્યક સૂત્ર ભાગ ૧ લો. ( કોટ્યાચાર્યકૃત ટીકાયુક્ત ) | ૫–૮–૦ |
| ૧૪ | ,, ભાગ ૨ જો. ,, | ૫–૮–૦ |
| ૧૫ | ભવભાવનાવૃત્તિઃ ભાગ ૧ લો.(મલધારી શ્રીહેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત) | ૩–૮–૦ |
| ૧૬ | ,, ભાગ ૨ જો. ,, | ૩–૮–૦ |
| ૧૭ | કલ્પકૌમુદી–કલ્પસૂત્ર ટીકા ( ઉ. શાંતિસાગરવિરચિત ) | ૨–૦–૦ |
| ૧૮ | ષોડશક પ્રકરણ ( હરિભદ્રસૂરિવિરચિત–યશોભદ્રસૂરિપ્રણીત વૃત્તિયુક્ત ) | ૧–૦–૦ |
| ૧૯ | ષડાવશ્યક સૂત્રાણિ ( નવીન સાધુયોગ્ય ) | ૦–૮–૦ |
| ૨૦ | ઉત્પાદાદિ સિદ્ધિઃ ( શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત સ્વોપજ્ઞ ટીકાયુક્ત ) | ૨–૮–૦ |
| ૨૧ | શ્રી વર્ધમાન દેશના. સંસ્કૃત ગદ્યબદ્ધ ( રાજકીર્તિગણિવિરચિત ) | ૨–૮–૦ |
| ૨૨ | શ્રી નંદિસૂત્ર ચૂર્ણિ ( હારિભદ્રી વૃત્તિયુક્ત ) | ૧-૧૨-૦ |
| ૨૩ | શ્રી અનુયોગદ્વાર ચૂર્ણિ ,, | ૨–૦–૦ |
| ૨૪ | શ્રી ભગવતી સૂત્ર. ભાષાંતરયુક્ત ભાગ ૧ લો. શતક ૩ (પંડિત હીરાલાલ હંસરાજ) | ૨–૮–૦ |
| ૨૫ | શ્રી જ્યોતિષ કરંડક પ્રકીર્ણક સટીક ( મલયગિરિજીકૃત ટીકાયુક્ત ) | ૩–૩–૦ |
| ૨૬ | પંચવસ્તુક ગ્રંથ ( શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત ) | ૩–૦–૦ |
| ૨૭ | વિચારરત્નાકર ( ઉ. કીર્તિવિજયજીકૃત ) | ૩–૦–૦ |
| ૨૮ | પ્રવચનસારોદ્ધાર–ભાગ ૨ જો. (શ્રી સિદ્ધસેનસૂરિકૃત ટીકાયુક્ત) | ૪–૦–૦ |
| ૨૯ | શ્રી પુંડરીક ચરિત્ર સંસ્કૃત પદ્યબંધ (શ્રીકમળપ્રભાચાર્યવિરચિત ) | ૫–૦–૦ |
| ૩૦ | શ્રી પુંડરીક ચરિત્ર ભાષાંતર | ૩–૦–૦ |
| ૩૧ | શ્રી ધન્નાશાલિભદ્ર ચરિત્ર. ( શ્રી પૂર્ણભદ્રગણિકૃત ) | ૧–૮–૦ |
| ૩૨ | શ્રી વિપાકસૂત્ર (શ્રી અભયદેવસૂરિકૃત ટીકાયુક્ત) | ૧–૦–૦ |

મુદ્રક–શાહ ગુલાબચંદ લલ્લુભાઈ, શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only